Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ધર્મચક્રપ્રવર્તન

[ભગવાન બુદ્ધનાં સાત ધર્મવચનો]

અધ્યાપક ધર્માનંદ કોસંબી

સંપાદક

મુકુલભાઈ કલાર્થી

૧૫૨ ગા
૧૩

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय

पुस्तक संख्या 15.7
92

पंजिका संख्या 3230

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक समय तक पुस्तक अपने पास नहीं रख सकते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वाध्याय प्रकाश १९८४-१९८५



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨૫
૧૩

શ્રીમદ્ રાજચંદ્ર જયંતી માળા–૪

ધર્મચક્રપ્રવર્તન

[ભગવાન બુદ્ધનાં સાત ધર્મવચનો]

અધ્યાપક ધર્માનંદ કોસંબી

સંપાદક

મુકુલભાઈ કલાર્થી

CHECKED 1973
Initial

પ્રકાશક તરફથી ભેટ

સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪–૧૯૮૫

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન કાર્યાલય, અમદાવાદ–૧૪

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, ઈ. સ. ૧૯૫૮
પ્રત ૧,૫૦૦



૭૫ નવા પૈસા

માર્ચ, ૧૯૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

પ્રિયદર્શી અશોક રાજાએ બુદ્ધ ભગવાનના ઉપદેશોમાંથી સાત ધર્મોપદેશોને અગત્યના ગણી, ભાબરાના શિલાલેખમાં જુદા તારવી આપ્યા છે. તેમ કરવામાં તેનો ઉદ્દેશ એ હતો કે, ભિક્ષુ-ભિક્ષુણીઓ તથા ઉપાસક-ઉપાસિકાઓ તે ધર્મોપદેશોને 'વારંવાર સાંભળે અને તેનો પાઠ કરે,' જેથી સદ્ધર્મ ચિરસ્થિતિ પામે અને તેઓ પણ સદ્ધર્મમાં દૃઢપણે સ્થિર થાય.

એ શિલાલેખમાં અશોક રાજાએ તે સાત ધર્મોપદેશોનાં નામ જ આપ્યાં છે. તે ઉપરથી એમ માની શકાય કે, એ નામે તે ધર્મોપદેશો તે સમયે જાણીતા હશે. પરંતુ અત્યારે ઉપલબ્ધ બૌદ્ધ સાહિત્યમાંથી તે ધર્મોપદેશો કયા એ નિશ્ચિત કરવાનું મુશ્કેલ બની ગયું છે. ઘણા વિદ્વાનોએ એ બાબતમાં કલ્પનાઓ કરેલી છે. પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન અધ્યાપક ધર્માનંદ કોસંબીજીએ એ બાબતમાં અભ્યાસપૂર્ણ સંશોધનો કરી એ ઉપદેશો નિશ્ચિત કરવામાં અગત્યનો ફાળો આપ્યો છે. તેમણે બૌદ્ધ સાહિત્યમાંથી તે ભાગનો અનુવાદ ગુજરાત પુરાતત્ત્વ સંશોધનના ત્રૈમાસિક 'પુરાતત્ત્વ' પુ૦ ૧, અંક ૪ (સંવત ૧૯૭૯) માં પ્રસિદ્ધ કર્યો હતો. તે ભાગ 'શ્રીમદ્ રાજચંદ્ર જયંતી માળા'ના ચોથા પુસ્તક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

શ્રી. મુકુલભાઈએ તે લેખનું જરૂરી ટીકા-ટિપ્પણી વગેરેથી સંપાદન કર્યું છે, તથા શરૂઆતમાં 'પ્રિયદર્શી અશોક' નું ટૂંકું પણ માહિતીપૂર્ણ જીવનચરિત પણ ઉમેર્યું છે. પંડિત સુખલાલજીએ યથોચિત રસ લઈ, એ બધું જોઈ આપ્યું છે, તથા શરૂઆતમાં 'ધર્મશાસન' નામે પ્રાસ્તાવિક લખી આપ્યું છે, એ બદલ વાચક વર્ગ તરફથી તેમનો આભાર માનવાની તક લઉં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યા૦ કોસંબીજીએ એ સાત ધર્મવચનોમાંથી પ્રથમ તરીકે બુદ્ધ ભગવાને ઋષિપત્તનમાં પ્રથમ ઉપદેશેલ ધર્મચક્રપ્રવર્તન સૂત્ર નામે ઓળખાતા ઉપદેશને લીધો છે. તે ઉપરથી આ પુસ્તકનું નામ 'ધર્મચક્રપ્રવર્તન' રાખ્યું છે.

આ પુસ્તકના અધ્યયનથી સૌ કોઈને સદ્ધર્મમાં સ્થિતિ થવામાં દોરવણી મળશે, એવી આશા સાથે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૩-૩-'૫૮

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન		૫
પ્રિયદર્શી અશોક	મુકુલભાઈ કલાર્થી	૭
ધર્મશાસન	પંડિત સુખલાલજી	૧૫
ધર્મચક્રપ્રવર્તન		૨૧
૧. ભાબરાનો અશોકનો શિલાલેખ		૨૩
૨. શિલાલેખમાં આવેલાં સાત ધર્મવચનો		૨૫
૩. વિનયસમુકસે		૨૯
૪. અલિયવસાનિ		૩૫
૫. અનાગતભયાનિ		૩૮
૬. મુનિગાથા		૪૧
૭. મોનેયસૂતે		૪૪
૮. ઉપતિસપસિને		૪૮
૯. લાઘુલોવાદે . .		૫૨
પરિશિષ્ટ ૧		૫૫
પરિશિષ્ટ ૨		૫૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિયદર્શી અશોક

ભારત દેશના ઇતિહાસમાં અમર સ્થાન પામેલા 'દેવાનાપ્રિય' પ્રિયદર્શી રાજા અશોકનું ધર્મપૂત જીવન રાજવી તરીકેનો એક ઉજ્જ્વળ આદર્શ આપણી સમક્ષ રજૂ કરે છે. અશોક જેવા રાજાને માટે દુનિયાનો ગમે તે દેશ ગર્વ લઈ શકે. એનું કારણ અશોકની ધર્મનિષ્ઠા જ છે. અશોકનું શાસન એટલે ધર્મનું શાસન. આજે અશોકને થઈ ગયે* આશરે ૨૦૦૦ ઉપરાંત વર્ષ વહી ગયાં, છતાં તે આપણને એટલો જ પ્રેરણાદાયી થઈ પડે છે.

અશોક એ ચંદ્રગુપ્ત મૌર્યનો પૌત્ર થાય અને બિંદુસારનો પુત્ર થાય. બિંદુસારના અવસાન પછી ત્રણેક વર્ષે અશોકનો રાજ્યાભિષેક થયો હતો. એ ઉપરથી એવું અનુમાન કરાય છે કે, રાજ્યમાં ફેલાયેલાં અશાંતિ અને અસંતોષને દૂર કરવા માટે અશોકને ઝઝૂમવું પડયું હતું.

અશોક મગધનો રાજા થયો એ પહેલાંના એના જીવન અંગે પ્રમાણભૂત માહિતી મળતી નથી. અશોકકાળ પછીના બૌદ્ધગ્રંથો તેમ જ અન્ય દંતકથાઓમાં પ્રિયદર્શી અશોકના પૂર્વજીવન વિષે ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરાયેલી છે ખરી; પરંતુ અહીં એ વિષે કશું કહેવું ઉચિત જણાતું નથી.

---

* અશોકના જીવનકાળ અંગે નિશ્ચિતપણે કહી શકાતું નથી. શ્રી રાધાકુમુદ મુકરજી પોતાના પુસ્તક 'અશોક'માં (૧૯૨૮) અશોકનો રાજ્યકાળ ઈ. સ. પૂર્વે ૨૭૪થી ૨૩૨ જણાવે છે. જ્યારે તેના રાજ્યાભિષેકનો સમય ઈ.સ. પૂર્વે ૨૭૦ કે ૨૬૯ અને તેના અવસાનનો સમય ઈ. સ. પૂર્વે ૨૩૪ કે ૨૩૩ હોવો જોઈએ, એમ શ્રી બેની માધવ બરુઆ પોતાના પુસ્તક 'અશોક એન્ડ હિસ ઈન્સ્ક્રિપ્શન્સ' (૧૯૫૫)માં અશોકના શિલાલેખોને આધારે દર્શાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાત ખરી કે, રાજ્યકાળ વેળાએ અશોકે જે શિલાલેખો ઠેર ઠેર કોતરાવ્યા છે, એ ઉપરથી એના તે વખતના જીવન અંગે કેટલીક આધારભૂત માહિતી મળી શકે છે.

અશોકને ગાદીએ આવ્યા પછી થોડાં વર્ષ રાજ્યને સુવ્યવસ્થિત કરવામાં ગાળવા પડ્યાં. અશોકનો રાજ્યવિસ્તાર હિંદુકુશથી આસામ સુધી અને કાશ્મીરથી કૃષ્ણા નદી સુધી ફેલાયેલો હતો. માત્ર પૂર્વ કિનારા ઉપર આવેલો કલિંગ દેશ સ્વતંત્ર રીતે પોતાની સમૃદ્ધિ વધારતો જતો હતો. કલિંગ દેશ દરિયાકિનારે આવેલો હોવાને કારણે એ દેશના લોકો દરિયાઈ વેપારમાં સારી પેઠે આગળ વધ્યા હતા. તેથી કલિંગની વધતી જતી જાહોજલાલી અશોકના ધ્યાન બહાર શી રીતે જાય?

અશોક આમ તો શૂરવીર અને અત્યંત મહત્ત્વાકાંક્ષી હતો. એને ચક્રવર્તી રાજા થવાની ભારે હોંશ હતી. તેથી તેણે કલિંગ દેશને યુદ્ધનું કહેણ મોકલ્યું. કલિંગના પ્રજાજન સ્વમાનપ્રિય હતા. એટલે તેમણે યુદ્ધ માટેની તૈયારી બતાવી. મગધની વિશાળ સેના આગળ નાનકડો કલિંગ દેશ શું કરી શકે? તોયે કલિંગના લોકોએ પોતાના દેશને ખાતર કેસરિયાં કર્યાં અને આત્મતર્પણ કર્યું. એ કારમા યુદ્ધના હૃદયદ્રાવક પરિણામ અંગે અશોક પોતે જ પોતાના શિલાલેખમાં કહે છે: "દોઢ લાખ માણસો પકડાયાં હતાં; એક લાખ માણસો હણાયાં હતાં અને તેનાથી અનેક ગણાં માણસો મરણ પામ્યાં હતાં!"

કલિંગ પરનો અશોકનો વિજય અશોકના જીવનમાં ભારે પરિવર્તન કરનારો નીવડ્યો. તેના જીવનની દિશા જ ફેરવાઈ ગઈ. ઘોર સંહારને તાદૃશ જોઈને તેનું હૃદય કરુણાથી આર્દ્ર બની ગયું. લાખો માણસોને ભોગે મળેલો વિજય તેને ભીષણ પરાજય જેવો જ લાગ્યો. અશોકે આ કારમું દૃશ્ય જોઈને નિશ્ચય કર્યો કે, આજથી યુદ્ધને નમસ્કાર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તીવ્ર મનોમંથનમાંથી માર્ગ કાઢવા તેણે મહાન બૌદ્ધ ધર્માચાર્ય ઉપગુપ્તનું શરણ લીધું. અશોકે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. પશ્ચાત્તાપના પાવકમાંથી પસાર થઈને તેણે આત્મશુદ્ધિ કરી. કલિંગ દેશના ભીષણ હત્યાકાંડ માટે એને કેટલો પસ્તાવો થયો હતો, એનો ખ્યાલ તેણે કોતરાવેલા શિલાલેખ પરથી સહેજે આવી શકે છે: "કલિંગને જીતી લેવાથી દેવાનાંપ્રિયને એવી જાતની દિલગીરી થઈ છે: ખરેખર, ન જિતાયેલો (દેશ) જિતાય છે ત્યારે જે વધ, મરણ અને અપવાહ — કેદી તરીકે પકડવાનું કાર્ય — થાય છે; તેને દેવાનાંપ્રિયે અતિશય દુઃખદાયક અને શોકકારક ગણ્યાં છે. પરંતુ તેના કરતાં પણ વધારે શોકકારક તો આ ગણવાનું છે કે, તેમાં બ્રાહ્મણો તથા શ્રમણો અને અન્ય ગૃહસ્થો વસે છે, આવા લોકોને (યુદ્ધમાં) અંગત મારફાડ, વધ અથવા વહાલાં (સ્વજનો)નો વિયોગ સહેવો પડે છે. બધા લોકોના ભાગે આવું આવે છે અને દેવાનાંપ્રિયે એને શોકકારક ગણ્યું છે. . . . દેવાનાંપ્રિય સર્વ ભૂતોની — પ્રાણીઓની — બાબતમાં અહિંસા, આત્મસંયમ અને નમ્રતા ઇચ્છે છે."

વળી કલિંગ વિષેના શિલાલેખમાં તેણે લખ્યું છે: "ગાદીએ બેઠા પછી આઠમે વર્ષે પ્રિયદર્શીએ કલિંગ દેશ જીત્યો. તે પ્રસંગે દોઢ લાખ બંદી થયા, એક લાખ માર્યા ગયા, એ ઉપરાંત બીજા પાર વિનાના લોકો મરી ગયા. એ બધાનાં સગાંવહાલાં તો હશે જ. તેમને કેટલું દુઃખ થયું હશે એનો વિચાર કરતાં પણ પ્રિયદર્શીને દુઃખ થાય છે. જીતનો અર્થ જ એ છે કે લાખો અને કરોડો લોકોનો સંહાર. આજે તે વખતના હત્યાકાંડનો સોમો કે હજારમો ભાગ પણ ફરી થાય, તો પણ પ્રિયદર્શીને ભારે દુઃખ થાય. પ્રિયદર્શી હવે માને છે કે ઐહિક જીત કરતાં ધર્મની જીત શ્રેષ્ઠ છે."

અશોકના અંતરમાં પ્રગટેલું અહિંસાનું આ દર્શન માત્ર યુદ્ધ ન કરવામાં જ નથી પરિણમતું. એની ઊંડી અસર તેના ત્યાર પછીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમગ્ર જીવન ઉપર થઈ. પછી અશોકે નિર્ધાર કર્યો કે, હવે મૃગયા પણ બંધ. હવે બહાર ચર્યા કરવા નીકળવું તો ધર્મને માટે જ. રાજવૈભવનો ઉપયોગ ધર્મને અર્થે જ. લોકોને રંજાડીને તેમનાં શરીર ઉપર રાજ્ય કરવા કરતાં તેમને સદ્ધર્મને માર્ગે દોરીને, તેમને પોતાનાં સંતાનો જેવા સમજી તેમની સાથે પ્રેમભર્યો વર્તાવ દાખવીને તેમનાં હૃદય ઉપર રાજ્ય કરવું. દુન્યવી સામ્રાજ્ય કરતાં ધર્મનું સામ્રાજ્ય શ્રેષ્ઠ અને કાયમ ટકનારું છે.

શરૂઆતમાં અશોક ગૃહસ્થાશ્રમી બૌદ્ધ ઉપાસકની જેમ રહેતો હતો. પરંતુ પાછળથી તે બૌદ્ધ સાધુના જેવું જ જીવન ગાળવા લાગ્યો. તેણે પોતે માંસાહાર પણ તજી દીધો. એ બાબતમાં તેણે ગિરનાર પરના પોતાના શિલાલેખમાં કહ્યું છે: "પહેલાં देवानांप्रिय प्रियदर्शी રાજાના રસોડામાં દરરોજ સેંકડો અને હજારો પ્રાણીઓનો વધ થતો હતો. પરંતુ હવે ધર્મલિપિ લખાઈ ત્યારે માત્ર ત્રણ પ્રાણીઓ હણાતાં હતાં. . . . પછી આ ત્રણ પ્રાણીઓને પણ હણવામાં આવશે નહિ."

અશોક બૌદ્ધાચાર્ય ઉપગુપ્તની સાથે ભગવાન બુદ્ધના સંબંધથી પવિત્ર થયેલાં સ્થળોએ યાત્રાએ ગયો હતો: લુંબિનીવન જ્યાં બુદ્ધનો જન્મ થયો હતો; કપિલવસ્તુ જ્યાંથી તેમણે મહાભિનિષ્ક્રમણ કર્યું હતું; ગયાનું બોધિ વૃક્ષ જ્યાં તેમને બુદ્ધત્વ પ્રાપ્ત થયું હતું; સારનાથ જ્યાં તેમણે પહેલવહેલો ઉપદેશ આપ્યો; શ્રાવસ્તી જ્યાં તેમણે જીવનનો ઘણો સમય વિતાવ્યો; અને કુશીનારા જ્યાં તેમનું મહા-પરિનિર્વાણ થયું.

આ ધર્મયાત્રાને લીધે લોકોમાં ધર્મજાગૃતિ આવી અને લોકો ધર્માભિમુખ થવા લાગ્યા.

વળી અશોકે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માટે કાશ્મીર, ગાંધાર, મૈસૂર, કોંકણ, મહારાષ્ટ્ર, હિમાલય, બ્રહ્મદેશ, સિંહલદ્વીપ અને યવનદેશ સુધી મહાન ધર્મોપદેશકો મોકલી દીધા. લોકો ધર્મ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલે છે કે નહીં તેનું નિરીક્ષણ કરવા તેણે ધર્મ-મહામાત્રોની નિમણૂક કરી. છેક દક્ષિણ તરફ સિહલદ્વીપ એટલે કે લંકામાં તો તેણે પોતાના પ્રિય પુત્ર યુવરાજ મહેન્દ્ર અને કન્યા સંઘમિત્રાને દીક્ષા દઈ મોકલી દીધાં. પોતાના દેશમાં જ્યાં જ્યાં બની શકયું ત્યાં ત્યાં મોટી મોટી શિલાઓ* ઉપર વખતોવખત ધર્મ સંબંધી પોતાની આજ્ઞાઓ કોતરવી. દૂતોને અન્ય દેશોમાં મોકલી ત્યાંના લોકોને અને રાજ્યકર્તાઓને પોતાના તરફથી અભય અને મૈત્રી અર્પણ કર્યાં. સરહદ ઉપર વસતી જંગલી કોમો તરફ તેણે ખાસ ધ્યાન આપીને પોતાના અધિકારીઓને તે લોકોની સાથે દયાભાવથી વર્તવાની ભારપૂર્વક ભલામણ કરી હતી. વળી અન્ય ધર્મી લોકો તેમ જ સાધુસંતો તરફ પણ માનભર્યો વર્તાવ રાજ્યના સેવકો તેમ જ પ્રજાજનો હંમેશાં દર્શાવે એની તે કાળજી લેતો.

અશોકે ધર્મની બાબત ઉપરાંત રાજકીય અને સામાજિક બાબતો અંગે પણ ધર્મ અને નીતિને આધારે આદર્શરૂપ દૃષ્ટાંત માત્ર ભારત દેશ માટે જ નહીં પણ સમસ્ત જગત માટે પૂરું પાડયું છે. દેશમાં લોકોની સુખાકારી માટે ધર્મશાળાઓ, રસ્તાઓ અને કૂવાઓ ઠેર ઠેર બંધાવ્યાં. વટેમાર્ગુ અને પશુપંખીના સુખ માટે બંને વૃક્ષો રોપાવ્યાં. માણસો માટે તેમ જ મૂંગાં પ્રાણીઓને માટે રુગ્ણાલયો ખોલાવ્યાં. આમ, સર્વત્ર ધર્મનું રાજ્ય સ્થાપન કરવા તેણે શકય એટલા બધા જ પ્રયત્નો કર્યા.

રાજ્યકર્તા તરીકેની એની કેવી નીતિ હતી એનું સારું નિરૂપણ તેના શિલાલેખો દ્વારા મળે છે. રાજ્યના અધિકારીઓને ઉદ્દેશીને પ્રિયદર્શી અશોકે કહ્યું છે :

"તમારે પ્રજાનું પાલન પિતાની પેઠે કરવું જોઈએ. એટલા જ માટે મેં તમને આટલી સત્તા આપી છે. અધિકારી જો પ્રજાભક્ષક થઈ જાય, તો પ્રજાનો નાશ થાય. મારી આજ્ઞાઓ દર વરસે નક્કી

* શિલાલેખોની માહિતી માટે જુઓ નકશો તથા પરિશિષ્ટ ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરેલા દિવસે પ્રજા આગળ વંચાય, જેથી લોકોને પ્રિયદર્શીની આજ્ઞા શી છે તે વિષે શંકા ન રહે. મારા અમલદારો મારી આજ્ઞાનું પાલન કરે છે કે નહીં અને પ્રજા ધર્મને માર્ગે જાય છે કે નહીં, એ જોવા માટે મેં ધર્મ-મહામાત્રો નીમ્યા છે, અને હું પોતે પણ પરિભ્રમણ કરવાનો છું. મારાથી જેટલું કાર્ય થાય એટલું ઓછું જ છે. આપણે બિલકુલ આળસ ન કરીએ."

પ્રજાનું હિત કરવા માટે પોતે પણ કેટલા તત્પર હતા એ દર્શાવતાં પ્રિયદર્શી અન્ય સ્થળે કહે છે: "હું જમતો હોઉં કે અંતઃપુરમાં હોઉં, પથારીમાં હોઉં, વાહનમાં બેસીને જતો હોઉં કે બગીચામાં ફરતો હોઉં, ગમે તે દશામાં હોઉં તોયે દૂતોએ મને પ્રજા સંબંધી કામકાજ વિષે વાકેફ કરવો જોઈએ. અને જો હું મોઢેથી આજ્ઞા દઉં અને તે વિષે કાંઈ ગોટાળો થાય, તો તરત જ મને તે બાબતની ખબર પડવી જોઈએ. મારે પ્રજાહિતમાં જ હંમેશાં રોકાવું જોઈએ અને પ્રજાના કામમાં ઢીલ ન જ થવી જોઈએ. પ્રજાનું હિત અદા કરવાનું મારે માથે ઋણ છે. લોકો પાપ રૂપી સંકટમાં ન પડે એની મારે કાળજી રાખવી જોઈએ."

અન્ય શિલાલેખમાં પ્રિયદર્શી કહે છે: "ન્યાયદાનમાં નિરપરાધી માણસને ભૂલથી પણ સજા ન થવી જોઈએ. કેમ કે તેમાંથી અસંતોષ પેદા થાય છે. ગુનાની બાબતમાં સત્ય શું છે એ શોધી કાઢવું અશક્ય નથી. જો મારા અધિકારી મત્સરી, આળસુ, ક્રૂર, અધીરા અથવા બેશઆરામી થશે, તો તેઓ સત્ય નિર્ણય નહિ કરી શકે; પણ ધીરજ અને ખંત રાખશે તો બરાબર ન્યાય આપી શકશે."

આમ, પ્રિયદર્શી અશોકે ભારતદેશમાં ધર્મરાજ્યની સ્થાપના કરવા વિવિધ ઉપાયો લીધા છે. લોકોમાં સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, ક્ષમા, સંયમ, ભાવશુદ્ધિ, કૃતજ્ઞતા, દૃઢ ભક્તિ, દયા, દાન, શૌચ, સાધુતા, પ્રાણી પ્રત્યે અનુકંપા, માતાપિતા અને સ્વજનો પ્રત્યે સ્નેહભાવ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડોસી પ્રજા કે રાજ્ય સાથે મૈત્રીભાવ અને અભયદાન વગેરે માનવ-સદ્‌ગુણો ઉપર રચાયેલા ધર્મોનો પ્રચાર અશોકે શિલાલેખો દ્વારા, તેને નિમેલા ધર્મ-મહામાત્રો દ્વારા તેમ જ પોતાના સાધુચરિત જીવન દ્વારા કરીને તેણે માનવ-હૃદય પર પોતાનું સામ્રાજ્ય સ્થાપી દીધું.

આજે પણ જે લોકો પોતાનો ધર્મ સમજીને, જગતના કલ્યાણની પ્રવૃત્તિ કરવા ઇચ્છતા હોય તેમ જ માનવ માનવ વચ્ચે તથા દેશ દેશ વચ્ચે પ્રેમ અને શાંતિ સ્થાપવા માગતા હોય, તેમને માટે અશોકના વિચારો અને તેનાં ધર્મકાર્યો પ્રેરણાદાયી થઈ પડે એમ છે. જ્યાં સુધી આ જગતમાં ધર્મના રાજ્યની ઝંખના રહેશે, બળથી નહિ પણ પ્રેમથી લોકોનાં હૃદય પર ધર્મવિજય મેળવવાની પ્રેમળ ભાવના હશે, ત્યાં સુધી દેવાનાંપ્રિય પ્રિયદર્શી અશોક આપણી વચ્ચે સદા અમર જ છે.

ભાબ્રાનો શિલાલેખ

અશોકના પાંચ ગૌણ શિલાલેખોમાંનો એક શિલાલેખ ભાબ્રાના શિલાલેખ તરીકે ઓળખાય છે. રજપુતાનામાંના જયપુર રાજ્યમાં આવેલા પ્રાચીન વિરાટ નગરની પાસે બીજક પહાડ નામની ટેકરીની ટોચ પર ઈ. સ. ૧૮૪૦ માં કૅપ્ટન બર્ટ આ શિલાલેખની શોધ કરી હતી. આ જગ્યા દિલ્હી જયપુરને રસ્તે આવેલા ભાબ્રા (કે ભાબ્રુ) સ્થળથી ૧૨ માઇલને અંતરે આવેલી છે. તેથી આ શિલાલેખની ઓળખ એ સ્થળના નામ પરથી જ અપાય છે. એ આખી શિલા છૂટી પડી ગયેલી હતી. આજે એ આખો શિલાલેખ કલકત્તામાં આવેલી "રૉયલ એશિયાટિક સોસાયટી ઑફ બેંગાલ"ના મકાનમાં સુરક્ષિત રીતે રાખવામાં આવ્યો છે.

આ શિલાલેખે ઘણા વિદ્વાનોનું ધ્યાન ખેંચ્યું છે. કારણ કે એ લેખમાં અશોકે જે સાત ધર્મવચનોનો ઉલ્લેખ કર્યો છે એ વિષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખમાં તેણે કયાંય સ્થળનિર્દેશ કર્યો નથી. તે ધર્મવચનો કયાં હશે તેની ચર્ચા પશ્ચિમ તેમ જ પૂર્વના વિદ્વાનોએ કરી છે.

આ શિલાલેખ અંગે અધ્યાપક ધર્માનંદ કોસમ્બીજીએ ગૂજરાત વિદ્યાપીઠ તરફથી પ્રસિદ્ધ થતા "પુરાતત્ત્વ" ત્રૈમાસિકના પુ૦ ૧ અંક ૪ (પૃ૦ ૩૫૫)માં એક વિસ્તૃત લેખ લખ્યો હતો. એ લેખને પુસ્તિકાકારે ગોઠવીને, પ્રકરણો પાડીને, તેમાં શુદ્ધિવૃદ્ધિ કરીને તેમ જ જરૂરી નોંધ ઉમેરીને અહીં 'ધર્મચક્રપ્રવર્તન' નામે પ્રસિદ્ધ કર્યો છે. આ નવું સંસ્કરણ સૌનો આવકાર પામશે એવી આશા સેવું છું.

* * *

અંતે, આ પુસ્તિકા તૈયાર કરવામાં મુ. શ્રી ગોપાળદાસભાઈ પટેલે સલાહ-સૂચનો આપવામાં જે કીમતી સહાય કરી છે એ બદલ તેમનો તથા પૂ. પંડિત સુખલાલજીએ આખી પુસ્તિકા ધ્યાનપૂર્વક સાંભળી જઈને પ્રસ્તાવના લખી આપી છે એ બદલ તેમનો આભાર માનું છું.

મુકુલ કલાર્થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મશાસન

સ્વતંત્ર ભારતની રાજ્યમુદ્રામાં જે ધર્મચક્ર અંકિત છે, તે મૂળમાં કોણે તૈયાર કરાવેલ, એવો પ્રશ્ન આજકાલના સાર્વજનિક જમાનાની પછી જ શિક્ષણસંસ્થાઓમાં ભણનાર શિષ્યવર્ગને પ્રથમથી જ થવાનો. એનો ઉત્તર આપનાર શિક્ષકે અશોક મહારાજનું સ્મરણ કરવું જ રહ્યું. એ અશોક મૌર્યવંશમાં અમુક અમુક સમયમાં થઈ ગયેલ, એટલું માત્ર કહેવાથી કહેનાર કે સાંભળનારની જિજ્ઞાસા સંતોષાતી નથી. પ્રશ્ન દરેકને થવાનો જ કે, એ અશોકે ધર્મચક્ર કોતરાવેલું તેની પાછળ આશય શો? એનો ઉત્તર સંક્ષેપમાં એ છે કે, ધર્મચક્રનો આત્મા એટલે ધર્મનાં શાસનો — આદેશો.

અત્યાર લગી આવાં નાનાં મોટાં ધર્મશાસનો જુદે જુદે સ્થળે[1] મળ્યાં છે. એ શાસનો ધર્મને લગતાં છે, તેથી તે ધર્મશાસનો કહેવાય છે. અશોકના પહેલાં અને પછી પણ આ દેશ તેમ જ બીજા દેશોમાં અનેક પ્રતાપી રાજાઓ થઈ ગયા છે. તેમના વિજયોની પ્રશસ્તિ તેમના કાળ દરમિયાન અને પાછળથી પણ અનેક રીતે ઉલ્લેખાયેલી મળે છે. પરંતુ એમાંથી કોઈનો વિજય ધર્મવિજય તરીકે જાણીતો નથી. શત્રુને પરાક્રમથી જીતવો એ વિજય કહેવાય છે અને તે વિજય પરાક્રમ-વિજય કે શત્રુ-વિજય કહી શકાય. ધર્મવિજય આથી સાવ જુદી વસ્તુ છે. એ શું છે તેનું રહસ્ય એ ધર્મશાસનોમાં સ્પષ્ટ કોતરાયેલું છે.

અશોક એ નામ હોય કે ગુણસૂચક વિશેષણ હોય, એનો નિશ્ચય કરી ન શકાય. પણ જે એનાં નામના ગણાતાં શાસનો મળે

---

૧. જુઓ નકશો તથા પરિશિષ્ટ ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તેમાં અશોક એવું પદ તો એક જ સ્થળે[૧] દેખાય છે. પરંતુ નિરપવાદ રીતે બધાં જ ધર્મશાસનોમાં પ્રિયદર્શી અને દેવાનાંપ્રિય એ વિશેષણો તો મળે જ છે. આનો અર્થ શો? એ તો ધર્મશાસનો પોતે જ કહી રહ્યાં છે. અશોકને જ્યારે કોઈ પણ અપ્રિય–શત્રુ કે દુશ્મન–ન જણાયું, અને માત્ર મનુષ્ય જ નહીં પણ પ્રાણીમાત્રને એ પોતાનાં પ્રિય–વહાલાં–તરીકે આત્મૌપમ્ય દૃષ્ટિથી જોવા લાગ્યો, ત્યારે એણે પોતાને માટે પ્રિયદર્શી એવું વિશેષણ પસંદ કર્યું. ઐહિક દુનિયામાં એ પ્રાણીમાત્રને પોતાના પ્રિય તરીકે જોતો, તો એ દૈવી દુનિયાની દૃષ્ટિએ કેવો જોવાતો હશે અથવા એમ કહો કે એની આવી ઉચ્ચ સ્થિતિમાં એને દેવો કઈ દૃષ્ટિએ જોતા હશે? એ પ્રશ્નનો ઉત્તર એણે દેવાનાંપ્રિય વિશેષણમાં આપ્યો છે. આ ધર્મપુરુષ જ્યારે કોઈને અપ્રિય રૂપે નથી જોતો, ત્યારે એને કોઈ અપ્રિય શાને ગણે? આ રીતે એ સર્વપ્રિય અને અજાતશત્રુ બનેલો. સંભવ છે, અશોક નામમાં આ જ અર્થ સૂચવાયો હોય: એનાથી કોઈને શોક ન થાય અને એ પોતે પણ શોકમુક્ત એટલે અશોક.

કલિંગના યુદ્ધમાં લાખો માનવોની આર્તવાણી સાંભળી અને અશોકનું દિલ પીગળ્યું. જે દિલ પહેલાં વજ્ર જેવું હતું તે કુસુમ જેવું બની ગયું. સામાન્ય રીતે વિજેતા વિજય પછી એટલો બધો મોટો ઉત્સવ માણે છે કે, તેને લીધે પોતાના અને દુશ્મનના પક્ષે થયેલ હાનિ એના ધ્યાનમાં આવતી જ નથી. અહીં ઊલટું બને છે. વિજય પછી અને તે પણ મહાવિજય પછી અશોકને ખુશીને બદલે શોક વ્યાપે છે. અને એ શોક નિવારવા એને ચિરકાળથી પ્રચલિત ભારતીય સંસ્કૃતિનો મુખ્ય પ્રાણ અહિંસા સહાય કરે છે. જયપરાજયના ઇતિહાસમાં આ એક અસાધારણ બનાવ કહેવાય. ભગવાન પાર્શ્વનાથ, બુદ્ધ, મહાવીર અને અન્ય સંત-તપસ્વીઓએ

૧. નિઝામ રાજ્યના રાયચુર પ્રાંતમાં મસ્કિ નામે ગામ પાસેનો ગૌણ શિલાલેખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતમાં આત્મૌપમ્ય અને અહિંસાના સંસ્કાર પોષેલા. એ જ સંસ્કારે અશોકના સંવેદનશીલ ચિત્તને જાગતું કર્યું. એણે તત્કાળ નિર્ભય નિર્ણય કર્યો કે, હવે પછી એ કદી શસ્ત્રવિજય નહીં મેળવે. એની કરુણા એટલે સુધી પ્રસરી કે, એ કરુણાએ અશોકને પશુપક્ષીની હત્યાથી પણ દૂર રહેવાની પ્રેરણા કરી. કરુણા માત્ર નિવૃત્તિપર અથવા હિંસાવિરતિમાં જ ન વિરમી, પણ એણે માંગલિક પ્રવૃત્તિ પણ કરાવી. તેથી જ એણે અધિકૃત દેશોમાં માનવ અને પશુપક્ષીનું હિત થાય, સૌને આરામ મળે એવાં અનેક કાર્યો કરાવ્યાં. અધિકારીઓને કોઈ પણ જનતો પ્રમાદ ન સેવવાની સૂચના આપી. પ્રજામાં કલહ ન થાય, અરસપરસ કોઈ લડે નહીં, કોઈનું કોઈ ચોરે નહીં, પશુપક્ષી સુધ્ધાંને કોઈ હણે નહીં, એવી સ્થિતિ પ્રવર્તાવવા એણે પોતાને સૂઝયું તે બધું જ કરી છૂટવા કાળજી સેવી. આ રીતે ઉગ્ર હિંસામાંથી એને ઉગ્રતર અને ઉગ્રતમ અહિંસાનું ભાન પ્રગટયું. એ જ ભાન ધર્મશાસનોમાં અંકિત છે. આવો સજીવ ધર્મપુરુષ એ વખત સુધીમાં કદાચ દુનિયાએ ભાગ્યે જ જોયો હશે.

ભગવાન મહાવીર અને બુદ્ધના સમયમાં મહારાજ શ્રેણિક યા બિંબિસારનો પુત્ર કોણિક થયો, જેને બૌદ્ધગ્રંથોમાં 'અજાતશત્રુ' કહેવામાં આવેલ છે. એણે પિતાનો વધ કરેલો યા એમાં એ નિમિત્ત થયેલો. વળી એણે પોતાના માતામહ અને વૈશાલીના રાજા ચેટક સાથે મોટું યુદ્ધ કરેલું, જેનું વર્ણન 'ભગવતી' જેવા જૈન આગમમાં સચવાયેલું છે. એ કોણિકે ચેટકને હરાવી વૈશાલીનું ખેદાનમેદાન કર્યું. તેને અજાતશત્રુ કેમ કહેવામાં આવ્યો હશે, એનું રહસ્ય હું પામી શકયો નથી. એણે અશોકની પેઠે ફરી કદી યુદ્ધ ન કરવાનો તેમ જ પ્રાણીમાત્રના હિતનો સંકલ્પ અને પ્રચાર કર્યો હતો કે નહીં, તે જ્ઞાત નથી. અને છતાં એ 'અજાતશત્રુ' વિશેષણથી જાણીતો તો છે જ. સંભવ છે કે, એના ઉપર ભગવાન મહાવીર અને બુદ્ધની અહિંસાએ કાંઈ ને કાંઈ અસર કરી હોય. એ ગમે તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છતાં એટલું તો ચોક્કસ કે અશોકની કોટિમાં એને મૂકી ન શકાય. અશોકની બદલાયેલી વૃત્તિના પુરાવા હજી જીવતા છે; જ્યારે કાણિકની મનોવૃત્તિ બદલાઈ હશે, એનું તો અનુમાન જ કરવું રહે છે.

અશોક એ પોતાના પુરોગામીઓ કરતાં જ વધારે આગળ તરી આવે છે, એમ નથી; પણ ઉત્તરકાલીન અહિંસાપરાયણ નરપતિઓથી પણ એ મોખરે રહે છે.

અશોક પછી પણ ઈસવી સન પહેલાં થયેલ બે મહારાજાઓનો ઉલ્લેખ કરી લઈએ : ખારવેલ અને સંપ્રતિ. ખારવેલનો ઉત્કીર્ણ લેખ 'હાથીગુંફા' નામે જાણીતો છે. એમાં જે કાંઈ કહ્યું છે તે બધું અશોકનાં ધર્મશાસનોની પેઠે વધારે સ્પષ્ટ ઉકેલી શકાતું નથી. છતાં એ નરપતિએ જૈન પરંપરા અંગે અને માનવહિતનાં સામાન્ય કાર્યો અંગે કાંઈક ને કાંઈક સુકૃત્ય કરેલું છે એ ચોક્કસ. સંપ્રતિનાં એવાં કોઈ ઉત્કીર્ણ શાસનો નથી મળ્યાં; પણ એણે જૈન પરંપરાના પ્રચાર અર્થે ઘણો સાત્ત્વિક ઉત્સાહ બતાવેલો, એની તોંધ જૂના જૈન ગ્રંથોમાં સચવાયેલી છે. એ સાત્ત્વિક ઉત્સાહમાં અહિંસાને સ્થાન હોય જ. છતાં અશોકની તુલનામાં એ પણ આવી શકે નહીં.

કનિષ્કે બૌદ્ધ ભિક્ષુ માતૃચેતને નિમંત્રણ આપ્યું. એ ભિક્ષુ-સંતે વૃદ્ધ અવસ્થાને કારણે જવાની અશક્તિ દર્શાવીને કનિષ્કને લેખ લખી મોકલ્યો. તેમાં એમણે એ નરપતિ પાસેથી પ્રાણીદયાની ભિક્ષા માગી છે. કદાચ કનિષ્ક ઉપર એની અસર પણ થઈ જ હશે. પરંતુ એના સ્પષ્ટ પુરાવા ન મળે ત્યાં લગી વિશેષ ન કહી શકાય.

હર્ષવર્ધન પરાક્રમી અને વિજેતા હતો. છેલ્લે એ પણ અહિંસા-વૃત્તિ ભણી વળેલો. એણે પોતાના ઉપર ખૂની હુમલો કરનાર પણ પાછળથી પકડાનાર માણસને અભયદાન આપેલું. પણ એનીયે અહિંસા અશોકની તુલનામાં ઓછી જ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતના એક સુપ્રસિદ્ધ ચૌલુક્ય નરપતિ કુમારપાળે 'અમારિ-ઘોષણા' ('હિંસા કરશો મા' એવી ઘોષણા) પ્રવર્તાવેલી. નિઃશંક કુમારપાળ આચાર્ય હેમચંદ્રની અહિંસાવૃત્તિના પ્રભાવમાં આવેલ. પણ અશોકની પેઠે એણે સર્વથા શસ્ત્રસંન્યાસ કર્યો હોય અને અશોકના જેટલાં અને જેવાં વિધાયક કરુણાપ્રેરિત કાર્યો કર્યાં હોય એવા અશોકનાં ધર્મશાસનોની પેઠે ઉત્કીર્ણ પુરાવા મળતા નથી.

અહિંસાના ભારતીય સંસ્કારનો અગ્નિ ઓછાવત્તો સળગતો રહ્યો જ છે. તેથી જ આચાર્ય હીરવિજયસૂરિએ મોગલસમ્રાટ અકબર પાસેથી અહિંસાનાં કામ કરાવેલાં. એ પગલે અન્ય મહાનુભાવો પણ ચાલ્યા છે. આ અહિંસાની પરંપરા આપણા યુગમાં આપણે ગાંધીજીમાં અનેકમુખે સજીવ થતી જોઈ છે. આ આખી પરંપરામાં અશોકનું એટલા પ્રાચીન કાળમાં જે સ્થાન છે તેનો વિચાર કરીએ છીએ, ત્યારે અશોકના ધર્મવિજયનું ગૌરવ વધારે સમજાય છે. કદાચ આ જ દૃષ્ટિથી સ્વતંત્ર ભારતના સૂત્રધારોએ રાજ્યમુદ્રામાં અશોકના ધર્મચક્રને અંકિત કર્યું હોય.

ભારતની આછીપાતળી પણ અનેક રૂપે સતત ચાલતી અહિંસાની સાધનાને લીધે જ એને પંચશીલનો સિદ્ધાંત સ્ફુરી આવ્યો છે અને એ પ્રજાના હૃદયમાં વસી પણ ગયો છે. અશોકને જે અહિંસાનું સ્વપ્ન આવેલું, તેવું દુનિયામાં કોઈને આવ્યું જ નહીં હોય અથવા નહીં આવે એમ તો કહી ન શકાય. પણ એણે એ સ્વપ્નને સાકાર કરવા જે તત્પરતા દર્શાવી, તે અજોડ છે.

ગ્રીસમાં એપિરસનો રાજા પાયરહસ (Pyrrhus) હતો. એણે એશ્કલમ સ્થાને રોમન લોકો ઉપર વિજય મેળવેલો. વિજય મેળવ્યા પછી એને જીતની નિઃસારતા સમજાઈ. એ બોલી ઊઠ્યો કે, 'એક વિજય જીતનારની અડધી હાર છે; અને જો એ બીજો વિજય કરે તો એની સંપૂર્ણ હાર છે.' આમ પાયરહસે પણ વિજયમાં વિજેતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાર જોયેલી. અશોકે એ જ જોયું, પણ પહેલા જ વિજયે. અશોકનું દર્શન એટલું ઊંડું અને વેધક હતું કે, તેણે ત્યાર બાદ પોતાનું આખું જીવન જ ઊર્ધ્વગામી બનાવી દીધું.

અશોક ઉપગુપ્ત નામના બૌદ્ધ ભિક્ષુના પ્રભાવ તળે હતો. પણ એ યુગમાં એણે જે અસાંપ્રદાયિક ભાવથી કામ કર્યું છે, તે માનવજાત માટે ખરેખર માર્ગસ્તંભ જેવું છે. જે જમાનામાં પંથગત સંકુચિતતાને લીધે શ્રમણ અને બ્રાહ્મણ તેમ જ તેના પણ પેટા ભેદોમાં મોટું અંતર પોષાતું હતું, તે જમાનામાં અશોક શ્રમણ અને બ્રાહ્મણ બધા પ્રત્યે એકસરખો આદર બતાવે છે અને સૌને સંયુક્ત ભાવે જીવવા વિનવે છે. આ છે અશોકનો ઉદાત્ત સર્વધર્મસમભાવ કે સર્વધર્મ-મમભાવ. તેથી જ હું સમજું છું કે, અશોકનાં ધર્મશાસનોના સાર અને અશોકના ઉદાત્ત જીવન વિષે દરેક જિજ્ઞાસુએ જાણવું જ જોઈએ.

અધ્યાપક ધર્માનંદ કોસંબીજીએ અશોકના ધર્મશાસનને ઉદ્દેશીને એક વિસ્તૃત લેખ લખેલો, તે 'શ્રીમદ્ રાજચંદ્ર જયંતી માળા'માં પુસ્તિકાકારે પ્રસિદ્ધ થાય છે. એનું સંપાદન અને જરૂરી પૂરક વિગતોનું સંકલન શ્રી. મુકુલભાઈ કલાર્થીએ કર્યું છે. એક નાની પુસ્તિકામાં અશોકનું જીવન, એનાં ધર્મશાસનોનો પરિચય — ખાસ કરીને ભાબરાના શિલાલેખનો અર્થ, એમાં આવેલાં સાત ધર્મવચનોનું વિવરણ આપ્યું છે તે અશોક વિષેની જિજ્ઞાસાને શમાવનાર પણ છે અને વધારે પ્રદીપ્ત કરનાર પણ છે. તેથી આ પુસ્તિકા અવશ્ય આવકાર પામશે.

સરિતકુંજ, અમદાવાદ
તા. ૨૫-૨-'૫૮

સુખલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મચક્રપ્રવર્તન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

ભાબરાનો અશોકનો શિલાલેખ*

पियदसि लाजा मागधे संघं अभिवादेत्वान[१] आहा — अपाबाधतं च फासुविहालतं च[२]। विदिते वे भन्ते आवतके हमा बुधसि धंमसि संघसीति गालवे चं पसादे च। ए केंचि भन्ते भगवता बुधेन भासिते सवे से सुभासिते वा। ए चु खो भंते हमियाये देसेयं[३] हेवं सधंमे चिलठितिके[४] होसतीति अलहामि हवं[५] तं वतवे[६]। इमानि भंते धंमपलियायानि — विनयसमुकसे, अलियवसानि,[७] अनागत-भयानि, मुनिगाथा, मोनेयसूते, उपतिसपसिने, ए चा लाघुलो-वादे मुसावादं अधिगिच्य भगवता बुधेन भासिते। एतानि भंते धंमपलियायानि इछामि किंति बहुके भिखुपाये चा भिखुनिये चा अभिखिनं सुनयु[८] चा उपधालेयेयु[९] चा। हेवंमेवा उपासका चा उपासिका चा। एतेनी भंते इमं लिखापयामि, अभिपेतं[१०] मे जानंतु ति।

* ડૉ. ઈ. હુલ્ટ્ઝ E. Hultzsch કૃત 'ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ અશોક' વૉ૦ ૧ માં શિલાલેખોના ફોટોગ્રાફ લઈને ખૂબ મહેનત કરીને તૈયાર કરેલી પ્લેટ્સ ઉપરથી શિલાલેખોના પાઠ આપ્યા છે. એ ગ્રંથમાં આ લેખનો પાઠ (પૃ૦ ૧૭૨) જોતાં તેમાં કયાંક કયાંક પાઠભેદ મળે છે. હુલ્ટ્ઝનો આ ગ્રંથ પ્રમાણભૂત મનાય છે. તેથી પાઠભેદ અહીં આપ્યા છે:

૧. अभिवादेतूनं। ૨. चा। ૩. दिसेया। ૪. चिलठिठीके। ૫. हकं। ૬. वातवे। ૭. अलियवसाणि। ૮. सुनेयु। ૯. उपधालयेयू। ૧૦. अभिप्रेतं।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવાદ

માગધનો[૧] રાજા પ્રિયદર્શી સંઘને અભિવાદન કરીને, તેનું આરોગ્ય અને કુશળ પૂછે છે. ભન્તે, બુદ્ધ ધર્મ અને સંઘમાં હું કેટલું ગૌરવ માનું છું અને તેમાં મને કેટલી શ્રદ્ધા છે તે આપ જાણો છો. ભન્તે, ભગવાન બુદ્ધે જે કાંઈ કહ્યું છે તે સર્વ સુભાષિત જ છે. પણ ભન્તે, આ (શિલાલેખ) વડે જે કંઈ હું બતાવું છું તે સદ્ધર્મ ચિરસ્થિતિ પામે એટલા માટે હું કહેવાને યોગ્ય છું. હે ભન્તે, આ ધર્મવચનો છે:

વિનયસમુકસે, અલિયવસાનિ, અનાગતભયાનિ, મુનિગાથા, મોનેયસૂતે, ઉપતિસપસિને અને લાઘુલોવાદે મુસાવાદં અધિગિચ્ય ભગવતા બુધેન ભાસિતે (રાહુલોવાદ સૂત્રમાં મૃષાવાદને ઉદ્દેશીને ભગવાન બુદ્ધે કહ્યું હતું તે). ભન્તે, આટલાં ધર્મવચનો, હું ઇચ્છું છું કે, ઘણા ભિક્ષુઓ અને ભિક્ષુણીઓ વારંવાર સાંભળે અને તેનો પાઠ કરે; અને ઉપાસકો તથા ઉપાસિકાઓ પણ. આ (શિલાલેખ) વડે હું આ પ્રમાણે લખાવું છું કે જેથી (સૌ) મારો અભિપ્રાય જાણે.

---

૧. ડૉ. સેનાર માગધે સંઘને ખોટો પાઠ માની માગધં પાઠ કલ્પી તેને સંઘનું વિશેષણ માનતા હતા. પણ માગધે એ માગધનું પુલ્લિંગ એક વચનનું રૂપ છે અને પાલિમાં આવી રીતે વિશેષણ ઘણી જગાએ નામની પછી આવે છે. સરખાવો: 'રાજા પસેનદિ કોસલો' મજ્ઝિમનિકાય — રથવિનીતસુત્તમ્.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
३२२६८

૨

શિલાલેખમાં આવેલાં સાત ધર્મવચનો

આ શિલાલેખની પ્રાચીનતા જોતાં, તેમાં ઉલ્લેખ કર્યો છે તે ધર્મવચનો કયાં કયાં છે અને તેમાં શું છે તે જાણવું આવશ્યક છે.

આ લેખમાં સાત ધર્મવચનોનો નીચેના શબ્દોથી ઉલ્લેખ કર્યો છે :

૧. વિનયસમુકસે,
૨. અલિયવસાનિ,
૩. અનાગતભયાનિ,
૪. મુનિગાથા,
૫. મોનેયસૂતે,
૬. ઉપતિસપસિને,
૭. લાઘુલોવાદે મુસાવાદં અધિગિચ્ય ભગવતા બુધેન ભાસિતે.

આ ધર્મવચનોથી બૌદ્ધ મૌલિક સાહિત્યના કયા કયા ભાગોનો ઉલ્લેખ થયો છે તે સંબંધી મતભેદ છે. આ ઉલ્લેખો સંબંધી પ્રથમ કલ્પના ફ્રેંચ વિદ્વાન એમિલ સેનારે અને તે પછી ઓલ્ડનબર્ગે કરેલી છે. અને પછી તેમની કલ્પનાની મદદ વડે પ્રો. હ્રાઇસ ડેવિડ્સે કરેલી છે. આમાં પ્રથમ ઉલ્લેખ વિષે હજુ સુધી કોઈ વિદ્વાને કલ્પના કરી નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સાતમા વિષેનો પ્રો. સેનારનો તર્ક હજુ સુધી સર્વમાન્ય રહ્યો છે. મજ્ઝિમનિકાયમાં રાહુલોવાદ નામનાં બે સૂત્રો છે તે પૈકી ૬૧માંના પહેલા ફકરામાં મૃષાવાદ સંબંધી બોધ કરેલો છે, માટે શિલાલેખમાં એ જ સૂત્ર વિવક્ષિત છે, એમ નક્કી થયું છે.

બીજો ઉલ્લેખ અલિયવસાનિ એ દીઘનિકાયના સંગીતિ-સુત્તમાં છે, એમ પ્રો૦ હ્રાઈસ ડેવિડ્સ માને છે. હવે દીઘનિકાયના સંગીતિસુત્તમાં દસ અરિયવાસા છે, એ ખરું છે. પણ આ દીઘનિકાયમાં સંગીતિસુત્ત સારિપુત્તના મુખમાં મૂકેલું છે અને શિલાલેખમાં તો ભગવાનનાં વચનોનો ઉલ્લેખ સ્પષ્ટ છે. વળી એ પણ જોવાનું છે કે આ દસ અરિયવાસામાં એવા ધર્મોનું વર્ણન છે જે સામાન્ય માણસને માટે દુષ્પ્રાપ્ય જ ગણાય; કેટલાક તો અર્હંતને જ સાધ્ય છે. દીઘનિકાય પોતે એ ધર્મોને દુષ્પતિવિજ્ઝ — દુઃસાધ્ય ગણે છે; અને એવા ધર્મોનો અશોક શિલાલેખમાં ઉલ્લેખ કરે એ સંભવિત નથી. કારણ કે શિલાલેખમાં સર્વ પાળી શકે, માત્ર ભિક્ષુકો જ નહિ પણ સામાન્ય ઉપાસકો પણ પાળી શકે, એવા ધર્મો જ દર્શાવવાનો ઉદ્દેશ સ્પષ્ટ છે. આ વાંધાને લીધે અહીં દસ અરિયવાસાનો ઉલ્લેખ હોય એમ માની શકાતું નથી. માટે અમે અહીં અરિયવંસાનો ઉલ્લેખ માનીએ છીએ; તેમ કરતાં આ વાંધો રહેતો નથી. ઉક્ત અરિયવંસા 'અંગુત્તર-નિકાય'ના ચતુક્કનિપાતમાં આવે છે; તે સ્વયં ભગવાને ઉચ્ચારેલાં વચનો છે અને તેમાં દર્શાવેલા ધર્મો સામાન્ય ધર્મો છે. વંસાનો અર્થ 'સનાતન માર્ગ' એવો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આને પટિસંભિદામાં અરિયવંસાનિ કહેલું છે તથા અંગુત્તર-નિકાયની ટીકામાં બુદ્ધઘોષ તેને અરિયવંસ સુત્તન્ત કહી તેના પર દસ પાનાં લખે છે તે તેની અગત્યતા, પ્રસિદ્ધિ અને ઓળખાણનું સ્વતંત્ર પ્રમાણ છે.

ત્રીજો ઉલ્લેખ અનાગતભયાનિનો છે. 'અંગુત્તરનિકાય'નાં ૭૭ થી ૮૦ એ ચારેય સૂત્રો આ નામનાં છે. આ પૈકી ૭૯મું સૂત્ર અહીં શિલાલેખમાં વિવક્ષિત છે, એમ પ્રો૦ હ્રાઈસ ડેવિડ્સ માને છે. તે સૂત્રમાં ભવિષ્યમાં કેવી કેવી વિપત્તિઓ પડશે એની આગાહી કરી છે અને એવા પ્રસંગોમાં ભિક્ષુઓએ કેમ વર્તવું તેની સૂચના છે. આમાં અનધિકારી ભિક્ષુઓ અભિધમ્મનો ઉપદેશ કરશે એવી વિપત્તિ પણ ગણાવી છે. આવી બાબત અશોક સામાન્ય માણસોને માટે લેખમાં ગણાવે એ સંભવિત નથી. આવી જ રીતે ૭૭ મા સૂત્રમાં પાંચ પ્રકારની વિપત્તિઓમાં વનવાસી ભિક્ષુઓએ કેમ રહેવું એ હકીકત છે તથા ૮૦ મા સૂત્રમાં પણ ભિક્ષુઓને માટે સૂચનાઓ છે. માટે આ ત્રણમાંનું કોઈ સૂત્ર અહીં લક્ષેલું હોય એમ માની શકાતું નથી. વય–રોગ–દુષ્કાળ–લડાઈ કે આંતર ભેદ જેવી આપત્તિઓ આવી પડે છે; માટે તે ન આવી હોય ત્યાં સુધીમાં માણસે ચેતીને ચાલવું જોઈએ, એ મુદ્દાનો ૭૮ મા સૂત્રમાં ઉપદેશ છે. માટે એ જ સૂત્રનો અહીં ઉલ્લેખ છે, એમ માનવું પ્રામાણિક છે.

ચોથો ઉલ્લેખ મુનિગાથાનો છે, તે સુત્તનિપાતની ૨૦૭ થી ૨૨૧ ગાથાઓ છે, એમ પ્રો૦ હ્રાઈસ ડેવિડ્સે કહ્યું છે; તેની સાથે અમે સંમત છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચમો મોનેયસૂતેનો ઉલ્લેખ છે. પ્રો૦ હાઇસિ ડેવિડ્સ આને 'અંગુત્તરનિકાય'નું મોનેય્યસુત્ત ગણે છે. આ સુત્તમાં કાયમોનેય્ય અને વચીમોનેય્ય આવવા ઉપરાંત મનોમોનેય્ય આવે છે જે સામાન્ય કોટિનાં માણસોને માટે અશોક દર્શાવે એ અસંભવિત છે. અમે અહીં 'સુત્તનિપાત'નું નાલકસુત્ત વિવક્ષિત છે, એમ માનીએ છીએ. આ સુત્તમાં બુદ્ધ ભગવાન નાલકને સાદાઈ, અહિંસા વગેરે નીતિના મૂળ સિદ્ધાંતોનો ઉપદેશ કરે છે. આ સુત્તમાં મોનેય્ય શબ્દ ૨૦, ૨૩, ૩૮ મી ગાથાઓમાં; મુનિ શબ્દ ૨૦, ૨૫, ૩૦, ૩૩ અને ૪૫ મી ગાથાઓમાં; અને મોન ૪૦, ૪૫ મીમાં આવે છે. આ સુત્ત નાલકને સંબોધન રૂપે છે, માટે નાલકસુત્ત કહેવાય છે, પણ પોતાના વિષયને લીધે મોનેય્યસુત્ત પણ કહેવાતું હશે, એ નિઃસંદેહ છે. આ રીતે સુત્તોમાં સ્થળ, વિષય, ઉપદેશક અને સુત્તમાં વારંવાર આવતા શબ્દ ઉપરથી તેમનાં બીજાં નામો પડ્યાના અનેક દાખલા મળી આવે છે. વળી આ સુત્ત બહુ પ્રસિદ્ધ હતું, એવા પણ પુરાવા છે.

છઠ્ઠા ઉલ્લેખ ઉપતિસપસિનેનો અર્થ ઉપતિસ્સના પ્રશ્નો એવો થાય છે. ઉપતિસ્સ એ બુદ્ધના મહાન શિષ્ય સારિપુત્તનું બીજું નામ હતું. પ્રો૦ હાઇસિ ડેવિડ્સ આને વિષે ચોક્કસ અભિપ્રાય નથી આપતા. કારણ કે ઘણાં સુત્તોમાં સારિપુત્તે પ્રશ્નો પૂછેલા છે અને તે બધાંને આ નામ ઘટી શકે. 'સુત્તનિપાત' ૪, ૧૬ મું સુત્ત સારિપુત્તસુત્તને નામે પ્રસિદ્ધ છે, તેમાં સારિપુત્તે ૮ ગાથાથી પ્રશ્નો પૂછ્યા છે અને ભગવાન બુદ્ધે ૧૩ ગાથાથી તેનો જવાબ આપ્યો છે. તેમાં સામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર જીવનનો ઉપદેશ છે. 'સુત્તનિપાત' પ્રાચીન અને પ્રસિદ્ધ ધર્મગ્રંથ છે, એટલે ઉપરનો ઉલ્લેખ આ સારિપુત્તસુત્તને વિષે છે એમ માનવાને હરકત નથી. પણ આ મત વિષે અમે પણ આગ્રહ રાખી શકતા નથી.

આ ઉલ્લેખોમાં મૂળ કયાં સૂત્રો વિવક્ષિત છે તેની લાંબી ચર્ચા અમે 'ઇંડિયન એન્ટિક્વરી' વો૦ ૪૧, ફેબ્રુ૦ ૧૯૧૨; પૃ૦ ૩૭ થી ૪૦માં કરેલી હોવાથી, અહીં તેનો માત્ર આટલો જ સાર આપી હવે એ સૂત્રોનું જ ભાષાન્તર અત્રે આપીએ છીએ.

૨

विनयसमुकसे

[ભાબરાના શિલાલેખમાં અશોકે સાત ધર્મવચનોનો નિર્દેશ કર્યો છે. . . એમાંનું विनयसमुकसे એ કયું સુત્ત હશે એનો હજી નિર્ણય થયો નથી. છતાં હાલમાં[1] મારી એવી માન્યતા બંધાઈ છે કે, આ જગાએ અશોકે धम्मचक्कपवत्तनसुत्तने જ विनयसमुकसे કહ્યું હોવું જોઈએ. विनय શબ્દ પરથી એકદમ विनयग्रंथ અથવા તેમાં ઉપદેશેલા (ભિક્ષુ-ભિક્ષુણીના આચારના) નિયમો તરફ લક્ષ જાય છે.

---

૧. પુરાતત્ત્વ પુ૦ ૧, અંક ૪, (સંવત ૧૯૭૯) જ્યાંથી આ પુસ્તકનો પાઠ ઉતાર્યો છે. તેમાં તો શ્રી. કોસમ્બીજીએ 'विनयसमुकसे' પઠતું જ મૂકયું હતું. પરંતુ ઈ. સ. ૧૯૩૧માં પ્રસિદ્ધ થયેલ 'સુત્તનિપાત'ની પ્રસ્તાવનામાં તેમણે એ અંગે જે કાંઈ લખ્યું છે, તે ઉપર ઉતાર્યું છે.

આ જ ધર્મવચન અંગે બીજા વિદ્વાનોનું શું મંતવ્ય છે, તે અંગે જુઓ પરિશિષ્ટ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિનયનો સમુત્કર્ષ જેમાં હોય એવું કોઈ પણ સુત્ત પાલિ ગ્રંથોમાં મળતું નથી. પરંતુ વિનય શબ્દનો 'ઉપદેશ' એવો બીજો પણ અર્થ છે; અને એ અર્થનો આ શબ્દ ન હોય તોપણ (આ અર્થમાં) આ ધાતુ ઘણે ઠેકાણે વાપરેલો મળી આવે છે. ઉદાહરણ તરીકે चूळसच्चकसुत्त (मज्झिमनिकाय નં. ૩૫)માં "कथं पन भो अस्सजि समणो गोतमो सावके विनेति" ત્યાં વિનેતિ અથવા વિનયતિ એ શબ્દનો સંબંધ કોઈ પણ રીતે વિનય ગ્રંથોના નિયમ સાથે નથી. "હે અસ્સજિ, શ્રમણ ગોતમ પોતાના શ્રાવકોને શો ઉપદેશ કરે છે?" એવો તેનો સીધો અર્થ છે. એટલે 'વિનય'નો અર્થ 'ઉપદેશ' લઈએ, તો તે ઉપદેશનો 'સમુત્કર્ષ' એટલે धम्मचक्कपवत्तनसुत्त એમ જ માનવું પડશે. કેમ કે, એ (સુત્ત)માંના ઉપદેશને અનેક જગાએ बुद्धानं सामुक्कंसिका धम्मदेसना[1] કહ્યો છે. આ સુત્તનું ત્રિપિટકમાં ભારે મહત્ત્વ છે. એટલે એને અશોકે પોતાની યાદીમાં પ્રથમ સ્થાને મૂકયું હોય તો આશ્ચર્ય નથી.

બોધિસત્ત્વને સંબોધિજ્ઞાન વૈશાખ-પૂર્ણિમાની રાતે થયું. તે રાતે તત્ત્વબોધ થયા પછી, પોતાના કલ્યાણપ્રદ માર્ગનો ઉપદેશ બીજાને કરવો કે નહિ, એવો બુદ્ધ ભગવાનને કેટલાક કાળ સુધી વિચાર થયો. તે પ્રસંગે બ્રહ્મદેવે પ્રાર્થના કરી, લોકોને ઉપદેશ કરવાની તેમને વિનંતી કરી. આખરે તેમણે પોતાના નવીન ધર્મમાર્ગનો ઉપદેશ, પોતે કરેલા દેહદંડન-તપના પ્રસંગમાં પોતાને મદદ કરનાર પાંચ ભિક્ષુઓને કરવાનો ઠરાવ કર્યો.

તે સમયે એ પાંચ ભિક્ષુઓ વારાણસી પાસે ઋષિપત્તનમાં રહેતા હતા, એ ખબર ભગવાનને મળી. એટલે તે ત્યાં જવા માટે નીકળ્યા. આષાઢી પૂર્ણિમાના અરસામાં ભગવાન વારાણસી પહોંચ્યા.

---

૧. ઉદાહરણ તરીકે ઉપાલિસુત્ત, (मज्झिमनिकाय ભા. ૧, પાલિ ટેક્સ્ટ સોસાયટી) પૃ૦ ૩૮૦ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાને એ પાંચ ભિક્ષુઓને પોતાનો નવીન ધર્મ સંભળાવ્યો. તે પ્રસંગે તેમણે કરેલા ઉપદેશને 'ધર્મચક્રપ્રવર્તન' કહે છે.[૧]]

ભગવાન પાંચ ભિક્ષુઓને ઉદ્દેશીને કહેવા લાગ્યા :— 'હે ભિક્ષુઓ! ધાર્મિક મનુષ્યોએ આ બે છેડા તરફ જવું નહિ. આ બે છેડા તે કયા? કામોપભોગ કરતા રહેવું એ એક છેડો છે. એ હીન છે, ગ્રામ્ય છે, અજ્ઞજનસેવિત છે, અનાર્ય છે, અનર્થાવહ છે. દેહદંડન કરવું એ બીજો છેડો છે. એ પણ દુઃખકારક છે, અનાર્ય છે, અનર્થાવહ છે. એ બે છેડા છોડી દઈને, તથાગતે મધ્યમ માર્ગ શોધી કાઢ્યો છે. એ માર્ગ જ્ઞાનચક્ષુ ઉત્પન્ન કરનારો છે, જ્ઞાનોદય કરનારો છે. એના વડે જ ઉપશમ, અભિજ્ઞા (દિવ્યશક્તિ), સંબોધ (પ્રજ્ઞા) અને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

હે ભિક્ષુઓ, દુઃખ નામનું પહેલું આર્યસત્ય આ છે : જન્મ દુઃખકારક છે, જરા (વૃદ્ધાવસ્થા) પણ દુઃખકારક છે, મરણ પણ દુઃખકારક છે, અપ્રિય વસ્તુઓનો સમાગમ દુઃખકારક છે, પ્રિય વસ્તુઓનો વિયોગ દુઃખકારક છે અને ઇચ્છિત વસ્તુ ન મળવાથી પણ દુઃખ થાય છે. સારાંશ કે, પાંચ ઉપાદાન-સ્કંધ[૨] દુઃખકારક છે.

---

૧. તે સુત્ત પાલિ ભાષામાં સચ્ચસંયુત્તના બીજા વગ્ગમાં અને વિનય ગ્રંથના મહાવગ્ગમાં આવે છે. એનું સંસ્કૃત રૂપાંતર લલિતવિસ્તરના ૨૬ મા અધ્યાયમાં છે. અહીં પાલિ સુત્તનું શ્રી. કોસંબીજીએ કરેલું વિસ્તૃત ભાષાંતર ઉતાર્યું છે.

૨. શરીરધારી પ્રાણી જે પાંચ પદાર્થોનો બનેલો છે, તેને પંચસ્કંધ કહે છે. તે પાંચ આ પ્રમાણે: (૧) પૃથ્વી, પાણી, તેજ, વાયુ — એ ચાર મહાભૂતો (રૂપસ્કંધ), (૨) સુખ-દુઃખ-ઉપેક્ષા એ ત્રણ પ્રકારની વેદના (વેદનાસ્કંધ), (૩) પદાર્થોને જુદાં જુદાં નામો આપવાની મનની શક્તિ (સંજ્ઞાસ્કંધ),

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે ભિક્ષુઓ, દુઃખસમુદય નામનું બીજું આર્યસત્ય આ છે : ફરી ફરીથી ઉત્પન્ન થનારી અને સર્વત્ર આસક્તિ ઉત્પન્ન કરનારી તૃષ્ણા એ દુઃખનું મૂળ છે. તે તૃષ્ણા ત્રણ પ્રકારની છે; કામતૃષ્ણા (ઐહિક સુખોની તૃષ્ણા), ભવતૃષ્ણા (સ્વર્ગાદિ લોકોની તૃષ્ણા) અને વિભવતૃષ્ણા (અભાવરૂપ–લુપ્ત–થવાની તૃષ્ણા).

હે ભિક્ષુઓ, દુઃખનિરોધ નામનું ત્રીજું આર્યસત્ય આ છે : એ તૃષ્ણાનો અશેષ વૈરાગ્યથી નિરોધ કરવો, તેનો ત્યાગ કરવો, તેને ફેંકી દેવી, તેનાથી મુક્ત થવું અને તેનાથી પરાવૃત્ત થવું.

હે ભિક્ષુઓ, દુઃખનિરોધગામિની પ્રતિપદા નામનું ચોથું આર્યસત્ય આ છે : આર્ય અષ્ટાંગિક માર્ગ જ દુઃખના નિરોધનો માર્ગ છે. તે માર્ગનાં આ આઠ અંગો છે : (૧) સમ્યક્ દૃષ્ટિ અર્થાત્ યથાર્થ જ્ઞાન — જગત વિષેના સાચા સિદ્ધાંતમાં શ્રદ્ધા; (૨) સમ્યક્ સંકલ્પ અર્થાત્ એકાંતવાસમાં પ્રીતિ, પ્રાણીમાત્ર પર શુદ્ધ પ્રેમ, અને બીજાને ત્રાસ ન થાઓ એવી ઇચ્છા — એ જાતના ત્રણ સંકલ્પ; (૩) સમ્યક્ વાચા અર્થાત્ અસત્ય ન બોલવું, ચાડી ન ખાવી, કઠોર શબ્દ ન ઉચ્ચારવો અને નિરર્થક ન બોલવું; (૪) સમ્યક્ કર્માન્ત

---

(૪) કુશલ, અકુશલ અને અવ્યાકૃત એ ત્રણ માનસિક (સંસ્કારસ્કંધ), (૫) ચક્ષુ–શ્રોત્ર–ઘ્રાણ–જિહ્વા–કાય અને મન એ છ વિજ્ઞાનો (વિજ્ઞાનસ્કંધ). વાસનાયુક્ત પ્રાણીના આ સ્કંધો ઉપાદાનસ્કંધ કહેવાય છે; કારણ કે તેને લીધે પુનર્જન્મ થાય છે. વાસનાનો ઉચ્છેદ થતાં અર્હત્પદ પામેલાના પંચસ્કંધ પછી નવો જન્મ ઉત્પન્ન કરતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(કર્મ) અર્થાત્ પ્રાણુઘાત ન કરવો, ચોરી ન કરવી અને પરદારાગમન ન કરવું; (૫) સમ્યક્ આજીવ અર્થાત્ ખરાબ માર્ગે પોતાની ઉપજીવિકા ન કરતાં સારા માર્ગે કરવી; (૬) સમ્યક્ વ્યાયામ અર્થાત્ મનમાં ન આવેલા ખરાબ વિચારોને મનમાં આવતા રોકવાનો પ્રયત્ન, આવેલા ખરાબ વિચારોને નાશ કરવાનો પ્રયત્ન, ન આવેલા સુવિચારોને મનમાં ઉત્પન્ન કરવાનો પ્રયત્ન, અને આવેલા સુવિચારોને વધારીને પૂર્ણતા તરફ લઈ જવાનો પ્રયત્ન; (૭) સમ્યક્ સ્મૃતિ અર્થાત્ શરીરાદિ પદાર્થો પ્રત્યે વિવેક જાગૃત રાખવો, સુખદુઃખાદિ વેદનાઓનું અવલોકન, પોતાના ચિત્તનું વારંવાર અવલોકન અને તાત્ત્વિક વસ્તુઓનું ચિંતન — એ ચાર રીતે ચિત્તને જાગૃત રાખવું તે; (૮) સમ્યક્ સમાધિ અર્થાત્ કામવાસનાઓ અને બીજી ખરાબ મનોવૃત્તિઓનો નિરોધ કરી ચાર ધ્યાનો[1] સંપાદન કરવાં તે.

આ 'દુઃખ' નામનું આર્યસત્ય છે, એવું જ્યારે મને સમજાયું, ત્યારે મને નવી દૃષ્ટિ ઉત્પન્ન થઈ, જ્ઞાન ઉત્પન્ન થયું, વિદ્યા ઉદ્ભવી અને આલોક (પ્રકાશ) ઉત્પન્ન થયો. આ 'દુઃખ' નામનું આર્યસત્ય જાણવાને યોગ્ય છે એવું

---

૧. ચાર ધ્યાનો મનની એકાગ્રતાનાં ચાર પગથિયાં છે. પ્રથમ ધ્યાનમાં વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ અને એકાગ્રતા એ પાંચ અંગો હોય છે. (વિતર્ક એટલે ધ્યેય-વસ્તુમાં ચિત્તનો દૃઢ પ્રવેશ, તે વસ્તુની બહાર મનને ન જવા દેનારી મનોવૃત્તિ; વિચાર એટલે ધ્યેય-વસ્તુનું ઉપ-પરીક્ષણ કરનારી મનોવૃત્તિ; પ્રીતિ એટલે માનસિક આનંદ; સુખ એટલે કાયિક સૌખ્ય; એકાગ્રતા એટલે સમાધિ.) દ્વિતીય ધ્યાનમાં આમાંનાં પહેલાં બે અંગો નથી હોતાં; તૃતીય ધ્યાનમાં પ્રથમ ત્રણ અંગો નથી હોતાં; અને ચોથા ધ્યાનમાં ફક્ત એકાગ્રતા જ બાકી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને સમજાયું, ત્યારે મને નવી દૃષ્ટિ ઉત્પન્ન થઈ...., આ 'દુઃખ' નામનું આર્યસત્ય મેં જાણ્યું, ત્યારે મને નવી દૃષ્ટિ ઉત્પન્ન થઈ....; આ 'દુઃખસમુદય' નામનું આર્યસત્ય છે, એવું મેં જાણ્યું....એ ત્યાજ્ય છે એવું મેં જાણ્યું....એનો ત્યાગ કર્યો એવું મેં જાણ્યું, ત્યારે મને નવી દૃષ્ટિ ઉત્પન્ન થઈ.... આ 'દુઃખનિરોધ' નામનું આર્યસત્ય છે એવું મેં જાણ્યું....તે સાક્ષાત્કાર કરવા યોગ્ય છે એવું મેં જાણ્યું.... તેનો સાક્ષાત્કાર મને થયો એવું મેં જાણ્યું, ત્યારે મને નવી દૃષ્ટિ ઉત્પન્ન થઈ..... આ 'દુઃખનિરોધગામિની પ્રતિપદા' નામનું આર્યસત્ય છે એવું મેં જાણ્યું....તેનો અભ્યાસ કરવા યોગ્ય છે એવું મેં જાણ્યું....તેનો અભ્યાસ કર્યો એવું મેં જાણ્યું, ત્યારે મને નવી દૃષ્ટિ ઉત્પન્ન થઈ, જ્ઞાન ઉત્પન્ન થયું, વિદ્યા ઉદ્ભવી અને આલોક (પ્રકાશ) ઉત્પન્ન થયો.

જ્યાં સુધી દરેક ત્રણ પ્રકારનાં અને એકંદરે બાર પ્રકારનાં આ ચાર આર્યસત્યો વિષે મને યથાભૂત તથા સુવિશુદ્ધ જ્ઞાનદર્શન નહોતું થયું, ત્યાં સુધી દેવ-યુક્ત, માર-યુક્ત, બ્રહ્મા-યુક્ત લોકમાં તથા શ્રમણ-બ્રાહ્મણ અને દેવ-મનુષ્ય ભરેલી પ્રજાઓમાં મને પૂર્ણ સંબોધિનો લાભ થયો નહિ. પરંતુ જ્યારે....એકંદરે બાર પ્રકારનાં આ ચાર આર્યસત્યો વિષે મને યથાભૂત તથા સુવિશુદ્ધ જ્ઞાનદર્શન થયું, ત્યારે.... મને પૂર્ણ સંબોધિનો લાભ થયો. અને ત્યારે જ મને એવું જ્ઞાન-દર્શન ઊભું થયું કે, મારા ચિત્તની વિમુક્તિ હવે અકંપ્ય બની છે, આ મારો છેલ્લો જન્મ છે, અને હવે મને પુનર્જન્મ નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

अरियवसानि

આ બીજા ધર્મવચનને અમે 'अंगुत्तरनिकाय' ના चतुक्क निपातमां आवेलुं अरियवंसाना ઉપદેશનું સૂત્ર ગણીએ છીએ. તે નીચે મુજબ છે :—

હે ભિક્ષુઓ, આ ચાર આર્યવંશો (સનાતન માર્ગો) છે જે અગ્રણ્ય, સનાતન, ઉત્તમ પરંપરા રૂપ, પુરાણા, સેળભેળ વિનાના (શુદ્ધ), પહેલાં પણ સેળભેળ નથી થયેલી તેવા, અત્યારે સેળભેળ નથી થતી અને હવે પછી સેળભેળ નહિ થાય એવા, તથા જ્ઞાની શ્રમણો અને બ્રાહ્મણોએ નહિ નિંદેલા એવા છે. તે ચાર કયા?

હવે, ભિક્ષુઓ, ભિક્ષુ ગમે તે ચીવરથી સંતુષ્ટ થાય, ગમે તે ચીવરના સંતોષથી સંતોષી થાય, ચીવર માટે અનુચિત પ્રયત્નો ન કરે, ચીવર ન મળે તો કલેશ ન કરે, ચીવર મળે તો તેનો લોભ ન રાખે, તેનો મોહ ન રાખે, તેનાથી મદ ન કરે, તથા ચીવરનો દોષ દેખીને મુક્તિ તરફ બુદ્ધિ રાખીને તેનો ઉપભોગ કરે. તેવા ગમે તે ચીવરના સંતોષ વડે પોતાનાં વખાણ ન કરે અને બીજાની નિંદા ન કરે; તે બાબતમાં જે દક્ષ, અપ્રમાદી, જ્ઞાનવાળો, સ્મૃતિવાળો હોય તે, હે ભિક્ષુઓ, પુરાણા અગ્રગણ્ય આર્યવંશમાં સ્થિત થયેલો ભિક્ષુ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ ગમે તે પિંડપાતથી[૧] સંતુષ્ટ થાય. ગમે તે પિંડપાતના સંતોષથી સંતોષી થાય, પિંડપાતને માટે અનુચિત પ્રયત્નો ન કરે, પિંડપાત ન મળે તો ક્લેશ ન કરે, પિંડપાત મળે તો તેનો લોભ ન રાખે, તેનો મોહ ન રાખે, તેનાથી મદ ન કરે, તથા પિંડપાતનો દોષ દેખીને મુક્તિ તરફ બુદ્ધિ રાખીને તેનો ઉપભોગ કરે. તેવા ગમે તે પિંડપાતના સંતોષ વડે પોતાનાં વખાણ ન કરે અને બીજાની નિંદા ન કરે; તે બાબતમાં જે દક્ષ, અપ્રમાદી, જ્ઞાનવાળો, સ્મૃતિવાળો હોય તે, હે ભિક્ષુઓ, પુરાણા અગ્રગણ્ય આર્યવંશમાં સ્થિત થયેલો ભિક્ષુ કહેવાય છે.

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ ગમે તે શયનાસનથી[૨] સંતુષ્ટ થાય, ગમે તે શયનાસનના સંતોષથી સંતોષી થાય. શયનાસનને માટે અનુચિત પ્રયત્નો ન કરે, શયનાસન ન મળે તો ક્લેશ ન કરે, શયનાસન મળે તો તેનો લોભ ન રાખે, તેનો મોહ ન રાખે, તેનાથી મદ ન કરે, તથા શયનાસનનો દોષ દેખીને મુક્તિ તરફ બુદ્ધિ રાખીને તેનો ઉપભોગ કરે. તેવા ગમે તે શયનાસનના સંતોષ વડે પોતાનાં વખાણ ન કરે અને બીજાની નિંદા ન કરે; તે બાબતમાં જે દક્ષ, અપ્રમાદી, જ્ઞાનવાળો, સ્મૃતિવાળો હોય તે, હે ભિક્ષુઓ, પુરાણા અગ્રગણ્ય આર્યવંશમાં સ્થિત થયેલો ભિક્ષુ કહેવાય છે.

વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ ચિંતનમાં મગ્ન રહે, ચિંતનમગ્ન થઈ ક્લેશના ત્યાગમાં રત થાય. વળી તેવો

---

૧. અન્ન.

૨. રહેવાની જગ્યા, એવો અર્થ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चित्तनरत चित्तनरति वडे, क्लेशत्यागरत क्लेशत्यागरति वडे पोतानां वखाणु न करे अने बीजनी निंदा न करे; ते आबतमां जे दक्ष, अप्रमादी, ज्ञानवाळो, स्मृतिवाळो होय ते, हे भिक्षुओ, पुराणा अग्रगण्य आर्यवंशमां स्थित थयेलो भिक्षु कहेवाय छे.

हे भिक्षुओ, आ चार आर्यवंशो छे जे अग्रगण्य, सनातन, उत्तम परंपरा रूप, पुराणा, सेळभेळ विनाना, पहेलां पणु सेळभेळ नथी थई एवा, अने हवे पछी सेळभेळ नहि थाय एवा, ज्ञानी श्रमणो तथा ब्राह्मणोओ नहि निंदेला एवा छे.

वळी, हे भिक्षुओ, आ चार आर्यवंशोवाळो भिक्षु पूर्व दिशामां विहरे छे अने ए ज अरतिने[1] हरावे छे, अरति एने हरावती नथी. पश्चिम दिशामां . . . उत्तर दिशामां . . . दक्षिणु दिशामां विहरे छे अने ए ज अरतिने हरावे छे, अरति तेने हरावती नथी. ते कया हेतुथी? हे भिक्षुओ, ते धीर अरतिसह छे माटे.

अरति धीरने हरावती नथी. अरतिने धीर हरावे छे. धीर अरतिने हरावे छे. धीर अरतिसह छे.

सर्व कर्म छोडी दीधां छे एवाने, जेणे सर्व छोडी दीधुं छे तेने कोणु अटकावे? जंबुनद सोनाना निष्कनी[2] पेठे तेनी कोणु निंदा करी शके? ब्रह्माथी प्रशंसित थयेला एवा तेनी देवो पणु प्रशंसा करे छे.[3]

---

१. साधनमार्गमां कंटाळो.

२. जंबु नदीनुं अति शुद्ध गणातुं सोनुं, तेनुं घरेणुं के सोनामहोर.

३. मूळमां गाथाओ छे.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

अनागतभयानि

આ ત્રીજા ધર્મવચનમાં અંગુત્તરનિકાયના ૭૮ મા સૂત્રનો ઉલ્લેખ છે. તે નીચે પ્રમાણે છે :—

૧. હે ભિક્ષુઓ, પાંચ અનાગત ભય દેખનારા ભિક્ષુએ અપ્રાપ્તની પ્રાપ્તિ માટે, અલબ્ધની લબ્ધિ માટે, તથા નહિ સાક્ષાત્ કરેલું સાક્ષાત્ કરવા માટે અપ્રમાદી, વીર્યવાન નિર્વાણમાં ચિત્ત રાખીને રહેવું યોગ્ય છે. તે પાંચ ભય કયા ?

૨. હવે, ભિક્ષુઓ, ભિક્ષુ એ પ્રમાણે વિચાર કરે કે, 'હું અત્યારે નાનો, જુવાન, બાળક, કાળા કેશવાળો, ભદ્ર, યૌવનવાળો, પ્રથમ વયમાં છું. પરંતુ એવો પણ સમય આવે છે જ્યારે આ કાયાને જરા સ્પર્શ કરે છે. જીર્ણ અને જરાથી હારી ગયેલા માટે બુદ્ધ-શાસનનું મનન કરવું સુકર નથી, તથા અરણ્ય, વન, જંગલના પ્રાંતોમાં શયનાસન સેવવું સહેલું નથી. આવી અનિષ્ટ, અકાન્ત, અપ્રિય સ્થિતિ મને પહોંચી વળે, તે પહેલાં હું અપ્રાપ્તની પ્રાપ્તિ માટે, અલબ્ધની લબ્ધિ માટે, તથા નહિ સાક્ષાત્ કરેલું સાક્ષાત્ કરવા માટે વીર્યનો આરંભ કરું, જેથી તે સ્થિતિ પ્રાપ્ત કરીને જીર્ણ બનેલો હોવા છતાં હું સુખેથી વિહરું.'

હે ભિક્ષુઓ, આ પ્રથમ અનાગત ભય દેખનારા ભિક્ષુએ અપ્રાપ્તની પ્રાપ્તિ માટે . . . નિર્વાણમાં ચિત્ત રાખીને રહેવું યોગ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. વળી, હે ભિક્ષુઓ, ભિક્ષુ એ પ્રમાણે વિચાર કરે કે, 'હું અત્યારે પ્રધાનકર્મ એટલે નિર્વાણના પ્રયત્ન માટે દરદ વિનાનો, રોગ વિનાનો, સમપાચન શક્તિની હોજરીવાળો, નહિ બહુ શીત નહિ બહુ ઉષ્ણ પણ મધ્યમ પ્રકારની હોજરીવાળો છું; એવો પણ સમય આવે છે જ્યારે આ કાયાને વ્યાધિ સ્પર્શ કરે છે, વ્યાધિવાળા અને વ્યાધિથી હારેલા માટે . . . . જેથી તે સ્થિતિ પ્રાપ્ત કરીને વ્યાધિત બનેલો હોવા છતાં હું સુખેથી વિહરું.'

હે ભિક્ષુઓ, આ દ્વિતીય અનાગત ભય દેખનારા . . . .

૪. વળી હે ભિક્ષુઓ, ભિક્ષુ એ પ્રમાણે વિચાર કરે કે, 'અત્યારે સુભિક્ષ[1] છે; સારું ધાન્ય છે, પિંડ સુલભ છે, ઉંછવૃત્તિથી[2] કે દાન વડે સમય કાઢવો સુકર છે. એવો પણ સમય આવે જ્યારે દુર્ભિક્ષ હોય છે, ધાન્ય હોતું નથી, પિંડ દુર્લભ થાય છે, ઉંછવૃત્તિથી કે દાન વડે સમય કાઢવો સુકર નથી હોતો, દુર્ભિક્ષમાં માણસો જ્યાં સુભિક્ષ હોય છે ત્યાં જાય છે, ત્યાં ખીચોખીચ રહેવું પડે છે, ટોળામાં રહેવું પડે છે; ત્યાં ખીચોખીચમાં અને ટોળામાં બુદ્ધ-શાસનનું . . . . . જેથી તે સ્થિતિ પ્રાપ્ત કરીને દુર્ભિક્ષમાં સપડાયેલો હોવા છતાં હું સુખેથી વિહરું.'

હે ભિક્ષુઓ, આ તૃતીય અનાગત ભય દેખનારા . . . .

૫. વળી . . . વિચાર કરે કે, 'અત્યારે માણસો સમગ્ર છે, આનંદમાં રહે છે, વિવાદ કરતા નથી, દૂધ પાણીની

---

૧. સુખેથી ભિક્ષા મળે એવો સમય; સુકાળ.

૨. ખેતરમાં પાક લણી લીધા પછી નીચે વેરાયેલા દાણા વીણીને નિર્વાહ કરવો તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માફક રહે છે, એકબીજાને પ્રિય ચક્ષુથી જોતા વિહરે છે; પણ એવો પણ સમય આવે છે, જ્યારે અટવી-સંક્ષોભ[1] થાય છે, કુંડાળે વળીને લોકો અહીં તહીં ફરે છે, ભય હોય છે, ત્યારે માણસો જ્યાં ક્ષેમ હોય છે ત્યાં જાય છે, ત્યાં બીચોબીચ રહેવું પડે છે, ટોળામાં રહેવું પડે છે. ત્યાં . . . . જેથી તે સ્થિતિ પ્રાપ્ત કરીને ભયમાં સપડાયેલો હોવા છતાં હું સુખેથી વિહરું.'

હે ભિક્ષુઓ, આ ચતુર્થ અનાગત ભય દેખનારા . . .

૬. વળી . . . વિચાર કરે કે, 'અત્યારે સંઘ સમગ્ર છે, આનંદમાં છે, વિવાદ કરતો નથી, એક ઉદ્દેશવાળો છે અને સુખે વિહરે છે; પણ એવો પણ સમય આવે છે જ્યારે સંઘ ભિન્ન[2] થાય છે, ત્યારે બુદ્ધ શાસનનું . . . . જેથી તે સ્થિતિ પ્રાપ્ત કરીને સંઘ ભિન્ન થવા છતાં હું સુખેથી વિહરું.'

હે ભિક્ષુઓ, આ પાંચમા અનાગત ભય દેખનારા . . .

હે ભિક્ષુઓ, આ પાંચ અનાગત ભય દેખનારા ભિક્ષુએ અપ્રાપ્તની પ્રાપ્તિ માટે, અલબ્ધની લબ્ધિ માટે, નહિ સાક્ષાત્ કરેલું સાક્ષાત્ કરવા માટે અપ્રમાદી, વીર્યવાન નિર્વાણમાં ચિત્ત રાખીને રહેવું યોગ્ય છે.

---

૧. વનમાં રહેતાં બીક લાગતી તે.

૨. ભેદ, તડ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

મુનિગાથા

આ ચોથા ધર્મવચનના ઉલ્લેખમાં સુત્તનિપાત્તના પહેલા ઉરગવગ્ગના બારમા સૂત્ર મુનિસુત્તની જે ગાથાઓ વિવક્ષિત છે, તેમનો અર્થ નીચે પ્રમાણે છે :—

૧. સંસ્તવથી — માણસ તરફની આસક્તિથી ભય ઉત્પન્ન થાય છે અને ઘરસંસારમાંથી મેલ ઉત્પન્ન થાય છે; માટે ઘરસંસારનો ત્યાગ અને નિઃસ્નેહતા એ જ મુનિનું તત્ત્વજ્ઞાન છે.

૨. જે ઉદ્ભવેલા મનોદ્વેષનો ઉચ્છેદ કરીને તેને ફરી વધવા નથી દેતો અને તેને કોઈ રીતે ઉત્તેજન નથી આપતો, એવા એકાકી રહેનારાને મુનિ કહે છે; તે મહર્ષિએ શાંતિપદ જોયેલું છે.

૩. પાપની વસ્તુઓને જાણીને અને તેમનાં બીજોનો નાશ કરીને જે તેમને સ્નેહ (ભીનાશ) આપતો નથી, તે ખરેખર જન્મના ક્ષય અને અંતને દેખનારો મુનિ છે. તે તર્ક છોડી દઈને ફરી નામાભિધાન (જન્મ) પામતો નથી.

૪. જે બધા અભિનિવેશો (દુરાગ્રહો) જાણે છે અને તે પૈકી એકેની ઇચ્છા રાખતો નથી, તે વીતતૃષ્ણ નિર્લોભી મુનિ અસ્થિર થતો નથી; કારણ તે પાર જાય છે.

૫. સર્વનો પરાભવ કરનાર, બધું જાણનાર, સારી મેધાવાળો, સર્વ પદાર્થોથી અલિપ્ત રહેનાર, બધાનો ત્યાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનાર, અને તૃષ્ણાક્ષયથી મુક્ત હોય તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.

૬. પ્રજ્ઞાના બળવાળો, શીલવ્રતથી સંપન્ન, સમાહિત, ધ્યાનમાં રત, સ્મૃતિવાળો, સંગમુક્ત, કઠિનતા અને આસ્રવ[૧] વિનાનો જે છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.

૭. એકાકી રહેનાર, અપ્રમત્ત, મુનિ, નિંદાથી અને સ્તુતિથી હલી ન જનાર, સિંહની જેમ શબ્દોથી ન ગભરાનાર, પવનની જેમ જાળમાં ન સપડાનાર, કમળની જેમ પાણીમાં અલિપ્ત રહેનાર, તથા જે બીજાનો નેતા છે પણ જેને બીજો કોઈ નેતા નથી, એવો જે છે તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.

૮. જેના સંબંધમાં લોકો ફાવે તેમ બોલે છતાં જે ઘાટ ઉપરના સ્તંભ[૨] પ્રમાણે સ્થિર રહે છે, જે વીતરાગ અને સમાહિત ઇન્દ્રિયવાળો છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.

૯. જે સીધા કાંઠલા[૩] પ્રમાણે સ્થિતાત્મા પાપકર્મોનો તિરસ્કાર કરે છે, અને વિષમ તથા સમની પારખ કરે છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.

૧૦. નાનો હો કે મધ્યમ વયનો હો, જે સંયતાત્મા યતાત્મા મુનિ પાપ કરતો નથી, ખિજાતો નથી, બીજા કોઈને ક્રોધી કરતો નથી, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.

---

૧. માણસને તાણી જનારી તૃષ્ણાઓ — કામ, ભવ, દૃષ્ટિ અને અવિદ્યા. કામ એટલે ભોગ્ય વસ્તુની સ્પૃહા; ભવ એટલે પરલોકની વાસના; દૃષ્ટિ એટલે પંથનું — વાડાનું મમત્વ — દુરાગ્રહ; અવિદ્યા એટલે અજ્ઞાન.

૨. ઘાટ ઉપર સ્નાન કરવાની જગ્યાએ ચતુષ્કોણ કે અષ્ટકોણ સ્તંભ બાંધવામાં આવતો; તેની સાથે નાહતી વખતે શરીર ઘસવાનો રિવાજ હતો.

૩. કાપડ વણવાનો રાટલ તે એવો સીધો બનાવ છે કે, ઊંચાનીચા થતા તાણામાં ગૂંચવાઈ જતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

११. બીજાએ આપેલા અન્ન ઉપર ઉપજીવિકા ચલાવનારો જે, પકાવેલા અન્નમાંથી શરૂઆતમાં, મધ્યમાં અથવા અંતે ભિક્ષા મળ્યા છતાં સ્તુતિ કે નિંદા કરતો નથી, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.

૧૨. જે મુનિ સ્ત્રીસંગથી વિરત થયો, જે યૌવનમાં કોઈ જગ્યાએ બદ્ધ થતો નથી, જે મદપ્રમાદથી વિરત અને મુક્ત છે, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.

૧૩. ઇહલોક જાણીને જેણે પરમાર્થ જોયો, ઓઘ અને સમુદ્ર તરીને જે તાદૃગ્‌ભાવ (જીવન્મુક્તતા) પામ્યો, જે છિન્નગ્રંથિ[1], અનાસ્રવ હોય, તેને સુજ્ઞ લોકો મુનિ કહે છે.

૧૪. સ્ત્રીને પોષનારો ગૃહસ્થ અને નિર્મમ સંન્યાસી આ બંનેની રહેણી અને વૃત્તિ બહુ ભિન્ન છે; કારણ કે પ્રાણઘાત ન થવાની બાબતમાં ગૃહસ્થ સંયમ જાળવતો નથી, અને મુનિ હંમેશાં પ્રાણીઓનું રક્ષણ કરે છે.

૧૫. જેમ આકાશમાં ઊડનારો નીલકંઠ મોર કોઈ દિવસ હંસને વેગે જવાનો નહિ, તેમ ગૃહસ્થ માણસ એકાન્તમાં ધ્યાન ધરનારા ભિક્ષુ મુનિનું અનુકરણ કરી શકતો નથી.

---

૧. જેની ગ્રંથિઓ કપાઈ ગઈ છે તેવો. ગ્રંથિઓ ચાર છે: (૧) અભિજ્ઝા–પારકાના ધનની ઇચ્છા; (૨૨) વ્યાપાદ–પરદ્વેષ; (૩) સીલબ્બત-પરામાસો–શીલ અને વ્રતથી–ઉપવાસ વગેરેથી મોક્ષ મળી જાય છે એમ માનવું તે; (૪) ઇદંસચ્ચાભિનિવેસો––હું કહું છું એ જ સાચું છે એવો દુરાગ્રહ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

મોનેયસૂતે

[અસિત નામના ઋષિને દેવો પાસેથી જાણવા મળ્યું કે, શાક્યોને ત્યાં બુદ્ધનો જન્મ થયો છે. તેણે ત્યાં જઈ તે બાળકનાં દર્શન કર્યાં, પણ પોતાનું આયુષ્ય પૂરું થવા આવ્યું હોવાથી, પોતાના ભત્રીજા નાળકને તેણે બુદ્ધ જ્યારે ધર્મોપદેશ કરે, ત્યારે તેમની પાસે જઈ તેમને પૂછીને ધર્મ જાણવાની ભલામણ કરી. એ પ્રમાણે નાળક, સમય આવતાં, બુદ્ધ પાસે જઈ, ધર્મ જાણવા આ પ્રશ્નો પૂછે છે.]

પાંચમું ધર્મવચન મોનેયસૂતે તે નાલકસુત્ત છે એમ અમે કહ્યું છે. તેમાં પ્રથમ વસ્તુ, હકીકત સંબંધી પ્રાસ્તાવિક ગાથાઓ છે તે છોડી, પ્રશ્નોત્તરરૂપની ૬૯૯ થી ૭૨૩ સુધીની ગાથાઓનું નીચે ભાષાન્તર આપ્યું છે :—

૧. અસિતનું આ ખરું પડેલું વચન મેં જાણ્યું. માટે હે ગોતમ, સર્વધર્મની પાર ગયેલા તમને હું પૂછું છું :

૨. ઘરબાર વિનાના થયેલાને અને ભિક્ષુની ચર્યાની શોધ કરનારાને માટે ઉત્તમ મુનિપદ કયું, તે હે મુનિ, મને કહો.

૩. ભગવાને કહ્યું : " દુષ્કર અને અમલમાં મૂકવું મુશ્કેલ એવું મુનિપદ હું તને સમજાવું છું. તું સ્થિર થા, દૃઢ થા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. "ગામમાં જાય ત્યારે ગાળ કે વંદનાથી સમાનભાવ રાખવો. મનમાં બરાબ લાગણી ન થવા દેવી અને અભિમાન રાખ્યા વિના ચર્યા કરવી.

૫. "વનમાંની નાની મોટી જ્વાળાઓની પેઠે ગામમાં સ્ત્રીઓ ફરે છે. તે મુનિને લોભાવે છે. તેઓ તને મા લોભાવે.

૬–૭. "મૈથુનધર્મથી વિરત થઈને, ઉચ્ચ નીચ કામનાઓ છોડી દઈને, સ્થાવરજંગમ પ્રાણીઓ તરફ અનાસક્ત અને અવિરુદ્ધ થવું; તથા 'જેવો હું છું તેવાં એ છે, જેવાં એ છે તેવો હું છું' એ પ્રમાણે પોતાનો દાખલો લઈને કોઈને હણવું નહિ, કે કોઈનો ઘાત કરવો નહિ.

૮. "જ્યાં પૃથગ્જન[1] આસક્ત થયો છે, એવાં ઇચ્છા અને લોભને છોડી દઈને ચક્ષુષ્માન થઈને વર્તવું; અને આ નરકને તરી જવું.

૯. "અલ્પાહારી, મિતાહારી, અલ્પ ઇચ્છાવાળો અને અલોલુપ થવું. ઇચ્છાની તૃષા છિપાવીને, ઇચ્છા વિનાનો શાંત થાય છે.

૧૦. "પિંડને માટે ભિક્ષાચર્યા કરી આવીને વનમાં જવું; જાગ્રત સ્મૃતિવાળો મુનિ વૃક્ષમૂલે આસન વાળીને બેસે.

૧૧. "ધ્યાનમાં લાગેલો તે ધીર વનમાં રમમાણ થાય; અને વૃક્ષમૂલે આત્માને આનંદ આપતો ધ્યાન કરે.

૧૨. "રાત્રિ પૂરી થયે તે ગામ તરફ જાય. ગામના આમંત્રણને કારણે કે ગામથી કોઈ આવાનું લઈ આવે તેથી તે બહુ રાજી ન થાય.

---

૧. ધર્મજ્ઞાનના બોધ વિનાનો સામાન્ય માણસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. "મુનિ ગામમાં આવીને કોઈના ઘરમાં એકદમ ન જાય. ભિક્ષાની વાતમાં મૂંગો રહે અને અન્ન મેળવવાની સૂચના થાય એવી ભાષા ન વાપરે.

૧૪. "'મળ્યું તો પણ ભલે, ન મળ્યું તો પણ કુશળ' એ બંને પ્રસંગે તે એકસરખો જ રહે, અને વૃક્ષમૂલે પાછો જાય.

૧૫. "હાથમાં પાત્ર રાખીને ફરતો તે મૂંગો ન હોઈ મૂંગા જેવો થાય; અલ્પ દાનની મશ્કરી ન કરે, અને દાતાનું અપમાન ન કરે.

૧૬. નાનો મોટો રસ્તો શ્રમણે (બુદ્ધે) બતાવ્યો છે. નિર્વાણ બે વાર પમાતું નથી, પણ આ માર્ગ એક જ પ્રકારનો નથી.[1]

૧૭. "છિન્ન આસ્રવવાળા, નષ્ટ તૃષ્ણાવાળા, કૃત્યાકૃત્યથી મુક્ત થયેલા ભિક્ષુને કશો પરિદાહ (સંતાપ) રહેતો નથી."

૧૮. ભગવાને કહ્યું — "મુનિપદ હું સમજાવીશ. ખાંડાની ધાર જેવો થા.[2] તાળવે જીભ ચોંટાડીને ઉદરની બાબતમાં સંયત થા.

૧૯. અમંદ ચિત્તવાળો થા; તેમ બહુ વિચાર ન કર અર્થાત્ ચંચળ ન થા. આમગંધ[3] વિનાનો, આશ્રય વિનાનો, બ્રહ્મચર્યપરાયણ રહે.

---

૧. નિર્વાણ એક જ પ્રકારનું છે, પણ તેને મળવાના માર્ગ અનેક છે.

૨. ખાંડાની ધાર ઉપરનું મધ જીભ સાચવીને ચાટનારા જેવો સાવધ થા.

૩. આમગંધનો મૂળ અર્થ માંસની ગંધ થાય. પણ આ જ ગ્રથમાં આમગન્ધસુત્ત ૨૩૯મા શ્લોકથી શરૂ થાય છે, તેમાં બુદ્ધ ભગવાન કહે છે કે, 'દુર્ગુણ–પાપ એ ખરી આમગંધ છે.' માટે એ અર્થ અહીં લેવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦–૨૧. "એકાન્તવાસ અને શ્રમણોપાસના(ધ્યાન-ચિંતન)માં અનુરક્ત રહેવું. એકાકીપણું એ જ મુનિપણું કહેવાય છે. અને એકલો જ આનંદ પામશે, ત્યારે તું દશે દિશામાં પ્રકાશશે. ધ્યાન કરનારા અને કામનો ત્યાગ કરનારા ધીરોની ગર્જના સાંભળીને મારો પ્રિય ભિક્ષુ શરમ (પાપ-લજ્જા) અને શ્રદ્ધા વધારે.

૨૨. "તે (શિક્ષા) નદીની ઉપમાથી જાણો. ખાડામાં અને વોકળામાં નાનાં નાળાં અવાજ કરતાં જાય છે; મોટી નદીઓ નિઃશબ્દ વહે છે.

૨૩. "જે અધૂરું છે તે શબ્દ કરે છે, પણ જે પૂરું છે તે શાંત જ હોય છે. મૂર્ખ અધૂરા ઘડા જેવો છે, પંડિત પૂરા ઘડા જેવો છે.

૨૪. "શ્રમણ (બુદ્ધ) જે બહુ બોલે છે તે યોગ્ય અને ઉપયોગી છે એમ જાણીને બોલે છે. સમજીને તે ધર્મોપદેશ કરે છે અને સમજીને પુષ્કળ બોલે છે.

૨૫. "જે યતાત્મા જાણી જોઈને જાણતો છતાં બહુ નથી બોલતો, તે મુનિ મુનિપદને લાયક છે; તે મુનિ મુનિ-પદને પામેલો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

उपतिसपसिने

આ છઠ્ઠા ધર્મવચનના ઉલ્લેખથી સારિપુત્તસુત્તની ૯૫૫ થી ૯૭૫ ગાથાઓ વિવક્ષિત છે. એમનો અર્થ નીચે પ્રમાણે છે :—

૧. 'એવા મીઠું બોલનારા, સંતુષ્ટ અને સંઘના આગેવાન ગુરુ મેં આ પહેલાં કદી જોયા નથી અને કોઈની પાસેથી સાંભળ્યા પણ નથી' — એમ આયુષ્માન સારિપુત્ત બોલ્યો.

૨. આ સદેવક જગતને, સર્વ તમનો — અંધકારનો નાશ કરીને શ્રમણધર્મમાં રત થયેલા એવા એક જ ચક્ષુષ્માન દેખાય છે.

૩. અનાશ્રિત અને અદાંલિક એવા તે બુદ્ધપદ પામેલા સંઘના આગેવાન પાસે હું ઘણા બદ્ધ માણસોના હિતોપદેશથી પ્રશ્ન પૂછવા માટે આવ્યો છું.

૪–૫. સંસારથી કંટાળેલા અને ઝાડ નીચે, સ્મશાનમાં કે પર્વતોની ગુફામાં એકાંતવાસનું સેવન કરનારા ભિક્ષુને, તેવી તે સારી કે નરસી જગાએ ભયદાયક કઈ કઈ વસ્તુઓ છે કે જેનાથી ભિક્ષુએ એવા નિઃશબ્દ સ્થળમાં ન ગભરાવું જોઈએ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. અમૃત દિશામાં જનારા ભિક્ષુ માટે આ જગતમાં કયાં કયાં વિઘ્નો છે કે જે દૂરના સ્થળે રહેતાં તેણે સહન કરવાં જોઈએ?

૭. તે દૃઢબુદ્ધિ ભિક્ષુની વાણી કેવી હોવી જોઈએ? તેની રહેણીકરણી કેવી હોવી જોઈએ? તથા તેનાં શીલ અને વ્રત કેવાં હોવાં જોઈએ?

૮. સોની જેમ રૂપાને અગ્નિમાં નાખીને ખરાબ કસ (ગાળ) કાઢી નાખે છે, તેમ સમાહિત, ઉત્સાહી અને સ્મૃતિમાન ભિક્ષુએ કઈ શિક્ષા— કયો ઉપદેશ ગ્રહણ કરીને મનનો મેલ બાળી નાખવો?

૯. 'હે સારિપુત્ત, સંસારથી કંટાળેલા અને એકાન્ત-વાસ સેવન કરનારા સંબોધિપરાયણ ભિક્ષુને જે સુખકર છે, તે હું જેવું જાણું છું તેવું ધર્મને અનુસરીને કહું છું' — એમ ભગવાન બોલ્યા.

૧૦–૧૧. એકાન્તવાસમાં રહેનારા સ્મૃતિમાન ભિક્ષુએ પાંચ ભયથી બીવું નહિ: ચાંચડના ડંખથી, સર્પથી, મનુષ્ય તરફના ત્રાસથી, ચતુષ્પદોથી — પશુઓથી, અને પરધર્મીઓનાં પુષ્કળ ભયંકર કૃત્યો જોઈને પણ તેમનાથી ગભરાવું નહિ. અને તે કુશલાન્વેષી ભિક્ષુએ બીજાં પણ વિઘ્નો સહન કરવાં.

૧૨. રોગ અને ભૂખથી ત્રસ્ત થયા છતાં એ ઉપદ્રવ, તેમ જ શીત અને અત્યુષ્ણ તેણે સહન કરવાં. એ વિઘ્નો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક રીતે ત્રાસ દે, છતાં ગૃહરહિત થયેલા તેણે પોતાનાં ઉત્સાહ-પરાક્રમ દૃઢ કરવાં.

૧૩. તેણે ચોરી કરવી નહિ, ખોટું બોલવું નહિ, સ્થિર અને ચર પ્રાણીઓ ઉપર મૈત્રીની ભાવના કરવી; તથા મનની કલુષિતતા એ મારની પક્ષપાતી છે, એમ જાણીને તેનો નાશ કરવો.

૧૪. તેણે ક્રોધ અને અતિમાનને વશ ન થવું, તેમનાં મૂળ પણ બોદ્દી નાખવાં; એ ચોક્કસ રીતે વૃદ્ધિ પામવા ઇચ્છતા ભિક્ષુએ પ્રિય કે અપ્રિય વસ્તુઓ સહન કરવી.

૧૫. કલ્યાણપ્રિય માણસે પ્રજ્ઞાને મહત્ત્વ આપીને તે વિઘ્નો સહન કરવાં; એકાન્તવાસને સ્થળે અસંતોષ લાગ્યા છતાં તે પણ સહન કરવો, અને ચાર શોકદાયક વસ્તુઓ સહન કરવી :

૧૬. 'હું આજે શું ખાઈશ, અથવા ક્યાં જમીશ, રાતે સૂવામાં હું બહુ હેરાન થયો, એટલે આજે હું ક્યાં સૂઉં ?' — આવા વિતર્કોનો અનાગારિક[1] ભાવથી રહેનારા, અને શિક્ષા — શિક્ષણને યોગ્ય એવા (ભિક્ષુએ) નાશ કરવો જોઈએ.

૧૭. વખતસર અન્ન અને વસ્ત્ર મળે તો સંતોષ રહે એટલા માટે તે પદાર્થોના સેવનમાં તેણે પ્રમાણ જાણવું. તે પદાર્થોથી મનનું રક્ષણ કરનારા અને ગામમાં સંયમથી વર્તનારા તે ભિક્ષુએ, ક્રોધ પામવા જેવું કૃત્ય બીજાએ કર્યું હોવા છતાં પણ કઠોર વચન બોલવું નહિ.

---

૧. ઘર વિનાનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮. તેણે પોતાની નજર પગ ઉપર રાખવી, પગે ચંચળ થવું નહિ, ધ્યાનરત અને જાગૃત થવું, ઉપેક્ષાનો અવલંબ કરીને ચિત્તની એકાગ્રતા મેળવવી, અને તર્ક તથા ચાંચલ્યનો ત્યાગ કરવો.

૧૯. તે સ્મૃતિમાન ભિક્ષુએ પોતાના દોષ બતાવનારનું અભિનંદન કરવું, સબ્રહ્મચારીઓ તરફ કઠોરતા રાખવી નહિ, પ્રસંગાનુસાર સારા શબ્દો જ બોલવા, અને લોકોના વાદ-વિવાદમાં પડવાની ઇચ્છા રાખવી નહિ.

૨૦. અને તે પછી જગતની અંદરના પાંચ રજનો નાશ કરવાનું સ્મૃતિમાને શીખવું : (અર્થાત્) રૂપ, શબ્દ, રસ, ગંધ અને સ્પર્શના લોભને જીતવો.

૨૧. આ પદાર્થોનો છંદ છોડીને તે સ્મૃતિમાન, સુવિમુક્તચિત્ત, વારંવાર સદ્ધર્મનું ચિંતન કરનારો અને એકાગ્રતા પામેલો ભિક્ષુ અંધકારનો નાશ કરવા સમર્થ થશે.— એમ ભગવાન બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

લાઘુલોવાદે . . .

આ સાતમા ધર્મવચન દ્વારા 'લાહુલોવાદસુત્ત'નો ઉલ્લેખ થયો છે. તેનો ટૂંક સાર નીચે મુજબ છે :—

કોઈ એક સમયે ભગવાન બુદ્ધ રાજગૃહમાંના વેણુવનમાં રહેતા હતા. તે વેળાએ આયુષ્માન રાહુલ રાજગૃહ પાસે અમ્બલટ્ઠિકા નામના સ્થળમાં રહેતો હતો. એક દિવસ સંધ્યાકાળે બુદ્ધ ભગવાન રાહુલ હતો તે જગ્યાએ ગયા. રાહુલે ભગવાનને દૂરથી જોઈ આસન બિછાવ્યું અને ચરણ ધોવાને પાણી લાવી રાખ્યું. બુદ્ધ ભગવાનને આસન પર બેસાડી તેણે તેમનાં ચરણ ધોયાં. પછી રાહુલ તેમને નમસ્કાર કરી એક બાજુએ બેઠો.

બુદ્ધે પગ ધોવાના પાત્રમાં થોડુંક પાણી બાકી રાખ્યું અને રાહુલને પૂછ્યું : "રાહુલ, આ અત્યંત અલ્પ જળ તું જુએ છે કે ?"

"હા, ભદંત !" રાહુલે ઉત્તર આપ્યો.

"રાહુલ, જેને ખોટું બોલતાં શરમ આવતી નથી, તે માણસનું શ્રામણ્ય — શ્રમણપણું આ પાણી પ્રમાણે ક્ષુલ્લક સમજવું જોઈએ."

પછી બુદ્ધે તે પાણી ફેંકી દીધું અને કહ્યું : "રાહુલ, જેને ખોટું બોલતાં લાજ આવતી નથી, તેનું શ્રામણ્ય આ પાણી પ્રમાણે ત્યાજ્ય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી બુદ્ધ ભગવાન તે વાસણને ઊંધું પાડી બોલ્યા : જેને બોટું બોલવામાં શરમ લાગતી નથી, તેનું શ્રામણ્ય આ વાસણ પ્રમાણે ઊંધું થઈ ગયું છે, એમ સમજવું."

તે વાસણ ફરી છતું કરીને બુદ્ધે કહ્યું : "રાહુલ, આ ખાલી થયેલું વાસણ તું જુએ છે ને? જેને બોટું બોલવાની શરમ આવતી નથી, તેનું શ્રામણ્ય આ વાસણ પ્રમાણે ખાલી — નકામું સમજવું.

"રાહુલ, લડાઈ માટે સજ્જ કરેલો એકાદ હાથી પોતાના બધા અવયવોથી લડાઈ કરે, પણ સૂંઢ માત્ર રાખી મૂકે, તો એમ કહી શકાય કે આ હાથીએ પોતાનું આખું જીવિત સ્વામીના કાર્યને માટે આપ્યું નથી. પરંતુ તે જ હાથી જો લડાઈમાં સૂંઢનો પૂર્ણપણે ઉપયોગ કરવા માંડે, તો રાજકાર્યને તેણે પોતાનું આખું જીવિત અર્પણ કર્યું છે, એમ કહેવું પડશે. તે જ પ્રમાણે જેને બોટું બોલતાં લાજ આવતી નથી, તેને કોઈ પણ પાપ કરતાં લાજ આવશે નહિ, એમ હું કહું છું. માટે રાહુલ, મશ્કરીની બાતર પણ હું બોટું બોલીશ નહિ, એવો તું નિશ્ચય કર.

"રાહુલ, આરસાનો ઉપયોગ શો?"

"પ્રત્યવેક્ષણ કરવા — જોવા માટે આરસાનો ઉપયોગ થાય છે." રાહુલે ઉત્તર આપ્યો.

"તે જ પ્રમાણે, રાહુલ, પ્રથમ પોતાના મનની સાથે પ્રત્યવેક્ષણ કરી પછી તું કર્મ કરતો જા. કાયા, વાચા અને મનથી એકાદ કર્મ કરવાનો જ્યારે તું આરંભ કરે, ત્યારે પ્રથમ તું તે કર્મનું પ્રત્યવેક્ષણ કર; અને તેમ કરવાથી જો તે કર્મ આત્મહિત અને પરહિતને આડે આવનારું તને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય, તો તેનો તું એકદમ ત્યાગ કર. પણ તે જ કર્મ આત્મહિત તથા પરહિત સાધનારું અને સુખકારક પરિણામ લાવનારું તને જણાય, તો તેનો તું અંગીકાર કર. કર્મ કરતાં કરતાં પણ તેનું પ્રત્યવેક્ષણ કરવું જોઈએ અને કર્મ આત્મહિતબાધક તથા પરહિતબાધક જણાય તો અધવચમાં જ તેને છોડી દેવું; પણ તે કર્મ સારું જણાતાં આગળ ચાલુ રાખવું. વળી રાહુલ, કોઈ પણ કર્મ કર્યા પછી પણ તારે એનું પ્રત્યવેક્ષણ કરવું. તે કર્મ ખરાબ છે, આત્મહિતને તથા પરહિતને વિઘ્ન કરનારું છે અને દુઃખ-પરિણામી છે, એમ જણાઈ આવતાં તથાગત પાસે કે વિદ્વાન ભિક્ષુ પાસે જઈ તારે તેનો પશ્ચાત્તાપ કરવો અને તે દિવસથી ફરી તે કરવું નહિ. પરંતુ પોતાને હાથે થયેલું કર્મ જો તને આત્મહિતસાધક તથા પરહિતસાધક હોઈ સુખપરિણામી છે એમ જણાઈ આવે, તો મુદિત–આનંદિત અંતઃકરણથી તે કર્મનો તારે ફરી ફરી અભ્યાસ કરવો.

"હે રાહુલ, અતીત કાળમાં જે શ્રમણો અને બ્રાહ્મણોએ પોતાનાં કાયિક, વાચિક અને માનસિક કર્મો પરિશુદ્ધ કર્યાં, તે તેમણે પ્રત્યવેક્ષણથી જ કર્યાં. ભવિષ્ય કાળમાં જે શ્રમણો અને બ્રાહ્મણો પોતાનાં કર્મો પરિશુદ્ધ કરશે, તે પણ આ પ્રત્યવેક્ષણ વડે જ કરશે. અને જે શ્રમણો અને બ્રાહ્મણો પોતાનાં કર્મો પરિશુદ્ધ કરી રહ્યા છે, તે પણ પ્રત્યવેક્ષણ વડે જ કરે છે. અર્થાત્ હે રાહુલ, ફરી ફરી પ્રત્યવેક્ષણ કરતાં કરતાં તું કાયિક, વાચિક અને માનસિક કર્મો શુદ્ધ કરતાં શીખ."

આ પ્રમાણે ભગવાન બોલી રહ્યા પછી રાહુલે તેમનો ઉપદેશ માન્ય કરી તેમને વંદન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૧

અશોકના શિલાલેખોનો નીચે પ્રમાણે વિભાગ પડે છે :-

અ. ચૌદ ધર્મલિપિ* દર્શાવનારા મુખ્ય શિલાલેખો,

આ. ગૌણ શિલાલેખો,

ઇ. મુખ્ય સ્તંભલેખો,

ઈ. ગૌણ સ્તંભલેખો,

ઉ. ગુહાલેખો.

મુખ્ય શિલાલેખો

૧. સૌરાષ્ટ્રમાં આવેલા જૂનાગઢ પાસે ગિરનાર પર્વતની તળેટીમાં, દામોદર કુંડને માર્ગે.

૨. ઉત્તર પ્રદેશમાં દેહરાદૂન કસબામાં આવેલા કાલશી ગામ પાસે.

૩. પેશાવર જિલ્લાના યુસુફઝાઈ મહાલમાં પેશાવરથી આશરે ૨૦ ગાઉ દૂર આવેલા શાહબાઝગઢી ગામ પાસે.

૪. વાયવ્ય સરહદના મુલકના હજારા કસબાના એબટાબાદ નામે સ્થળથી આઠેક ગાઉ દૂર આવેલા મનશહર ગામમાં.

૫. ઓરિસ્સાના પુરી જિલ્લામાં આવેલા ભુવનેશ્વરથી ચારેક ગાઉ દૂર આવેલા ધવલી ગામમાં. (આ સ્થળે એક વધારાનો જુદો લેખ પણ મળે છે).

૬. મદ્રાસના બર્હામપુર તાલુકાના ગંજમ કસબાથી નવેક ગાઉને છેટે ઋષિકુલ્યા નદીને કાંઠે આવેલા યાવગઢ ગામ પાસે. (આ સ્થળે પણ એક વધારાનો જુદો લેખ મળે છે.).

૭. મુંબઈ નજીક થાણા જિલ્લાના સોપારા ગામ પાસે.

---

* અશોક પોતાના લેખોને 'ધંમલિપિ' — ધર્મલિપિ તરીકે ઓળખાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌણ શિલાલેખો

૧. બિહારના શાહાબાદ જિલ્લામાં આવેલા સહસ્રામની નજીક આવેલી ચંદનપીરની ટેકરી પર.

૨. મધ્ય પ્રદેશના જબલપુર જિલ્લામાં કૈમુર પર્વતની હારમાળાની તળેટી પાસે આવેલા રૂપનાથ સ્થળે.

૩. (અ) રજપુતાનામાંના જયપુર રાજ્યમાં આવેલા પ્રાચીન વિરાટ નગર પાસેની બિજગિર ટેકરીની તળેટીમાં.

(આ) એ જ સ્થળ નજીક ભાબરા (કે ભાબ્રુ) ગામ પાસે.

૪. દક્ષિણના મૈસુરના પ્રાચીન શહેરનાં ખંડેરોની નજીકમાં મળેલા ત્રણ શિલાલેખો :

(અ) સિદ્ધાપુરમાંથી,

(આ) જટિંગ–રામેશ્વરમાંથી,

(ઇ) બ્રહ્મગિરિમાંથી.

૫. નિઝામ રાજ્યના રાયચુર પ્રાંતમાં આવેલા મસ્કિ ગામમાંથી.

મુખ્ય સ્તંભલેખો

૧. દિલ્હીથી નેવું કોસ દૂર આવેલા યમુના નદીના કાંઠાની બાજુમાં ટોપ્રા નામનું ગામ છે. ત્યાં આ સ્તંભલેખ પહેલાં હતો. હાલ તે દિલ્હીમાં ફિરોઝાબાદના કિલ્લામાં છે.

૨. ઉત્તરપ્રદેશમાં આવેલા મીરત મુકામે આ સ્તંભ આવેલો છે. એને વચગાળામાં દિલ્હી ખસેડેલો હતો. પરંતુ ઈ. સ. ૧૮૬૭માં તેને મૂળ જગ્યાએ પાછો મૂક્યો છે.

૩. અલાહાબાદના કિલ્લામાંનો સ્તંભલેખ પહેલાં અલાહાબાદથી પંદરેક ગાઉને છેટે આવેલા પ્રાચીન કૌશાંબી સ્થળે હતો.

૪–૬. બિહારના ચંપારણ્ય પ્રાંતમાં ત્રણ સ્તંભ છે : (૧) રઘીય ગામથી સવા ગાઉને અંતરે બેટિયાને માર્ગે અરરાજ મહાદેવથી થોડે દૂર આવેલા લૌરિયા ગામ પાસે લૌરિયા–અરરાજનો સ્તંભ, (૨) એ સ્થળથી નેપાળની દિશામાં જતાં નંદનગઢ નામે સ્થળ પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૌરિયા–નંદનગઢનો સ્તંભ, (૩) તેના ઈશાન ખૂણે દસેક ગાઉને અંતરે પિપરિયા નામે ગામ છે, ત્યાંથી અધગાઉને છેટે રામપુર્વા ગામ પાસે આવેલો રામપુર્વાનો સ્તંભ.

ગૌણ સ્તંભલેખો

૧–૨. અલાહાબાદમાં અશોકના બે ગૌણ સ્તંભલેખો છે. એમાંનો એક 'રાણીશાસન' નામે ઓળખાય છે.

૩. ભોપાળ રાજ્યમાં આવેલા સાંચી મુકામે.

૪. કાશીની ઉત્તર દિશાએ આશરે પોણા બે ગાઉને અંતરે આવેલા સારનાથમાં.

૫. નેપાળ તહસીલમાંના લુંબિની–ઉદ્યાન અથવા રુમ્મિનદેઈ નામનો મહ છે ત્યાંનો સ્તંભલેખ.

૬. નેપાળની ખીણમાં નિગ્લીવ ગામ નજીક નિગ્લીવ સાગર છે, તેની નજીક.

ગુહાલેખો

ફલ્ગુ નદીના ડાબા કાંઠાની બાજુમાં આવેલી બે અલગ પર્વતમાળામાં ગયાની ઉત્તરે આઠ ગાઉને અંતરે બર્બર (બરાબર)ની ચાર ગુફા છે. એમાંની ત્રણમાં ત્રણ ગુહાલેખો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટ ૨

અશોકે પ્રથમ ઉલ્લેખેલ વિનયસમુકસે ધર્મવચનવાળો ઉપદેશ કર્યો, તે અંગે જુદા જુદા વિદ્વાનો વિવિધ અટકળ કરે છે.

શ્રી. રાધાકુમુદ મુકરજી પોતાના અંગ્રેજી પુસ્તક 'અશોક' (ઈ. સ. ૧૯૨૮) માં જણાવે છે (પૃ૦ ૧૧૮, નોંધ ૩) કે, બુદ્ધ ભગવાનની સારનાથ આગળની પ્રથમ ધર્મદેશના સામુક્કંસિકા ધમ્મદેસના (ઉદાન. ૫–૩) નામે ઓળખાય છે, તે ઉપદેશ આ સુત્તને નામે ઓળખાતો હોઈ શકે, એવું કેટલાક માને છે. તો બીજા કેટલાક તેને સિગાલોવાદ સુત્તંત[1] (દીઘનિકાય ૩, ૧૮૦–૧૯૪) કહે છે. તેના સમર્થનમાં તેઓ એમ કહે છે કે, સિગાલોવાદ સુત્તંતને બુદ્ધઘોષે પોતાની ટીકામાં ગિહિવિનય (ગૃહસ્થોને લાગુ પડતો ઉપદેશ) કહ્યો છે; પણ તે ઉપદેશ ભિક્ષુઓ, ભિક્ષુણીઓ અને ઉપાસકવર્ગ એમ સૌને લાગુ પડે છે. વળી તે સુત્તંતમાં 'અરિયસ્સ વિનય' વર્ણવેલો છે, તેનો અર્થ પણ 'વિનયસમુકસે' જેવો જ થાય.

શ્રી. શૈલેન્દ્રનાથ મિત્ર 'સપ્પુરિસસુત્ત' (મજ્ઝિમનિકાય ૩, પૃ૦ ૩૭–૪૫)ને વિનયસમુકસે કહે છે. તેમાં વિનયાધાર અને અત્તાન ઉક્કંસેતિ = સમુક્કંસો એવો શબ્દ આવે છે, તેથી.

જ્યારે શ્રી. વિધુશેખર ભટ્ટાચાર્ય પોતાના પુસ્તક 'Buddhist Texts – as Recommeded by Asoka' માં આ વિષે નિશ્ચિત મત પર શરૂમાં આવતા નથી અને અનુમાનથી વિનયસમુકસે ને 'વિનયપિટક' ના મહાવગ્ગનું ધમ્મચક્કપવત્તનસુત્ત (૧. ૬. ૧૭–૨૬) માનીને તેનો પાઠ આપે છે. પરંતુ છેવટે પુસ્તકને અંતે તે ભારપૂર્વક એવું સૂચવે છે કે, વિનયસમુકસે એ 'અંગુત્તરનિકાય'ના અટ્ઠકસવગ્ગનું બીજું સુત્ત (વૉ૦ ૧, પૃ૦ ૯૮–૧૦૦) હોવું જોઈએ.

---

૧. તેના અનુવાદ માટે જુઓ શ્રી કોસંબીજી કૃત 'બુદ્ધચરિત' પૃ૦ ૨૫૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ શ્રી. દેવદત્ત ભંડારકરે તેમના અંગ્રેજી પુસ્તક 'અશોક' (ઈ.સ. ૧૯૨૫) માં આ 'विनयसमुकसे'વાળો ઉપદેશ કયો હોઈ શકે, તે વિષે એક રસિક સૂચના કરી છે. બુદ્ધઘોષે 'વિસુદ્ધિમગ્ગ' (૩/૩૬-૪૨) માં એક કથા આપી છે. કથામાં એમ દર્શાવ્યું છે કે, માતાપિતા વગેરે સ્વજનો પણ ભિક્ષુને સાધનાના માર્ગમાં આડે આવતા નથી. તે એ સૌની વચ્ચે પણ અનાસક્ત રહી શકે છે. એ કથાનો સાર નીચે પ્રમાણે છે:

એક જુવાન ભિક્ષુ નાનપણમાં પ્રવ્રજિત થઈ ઉપાધ્યાયની રજાથી ભણતર માટે દૂરના સ્થળે ગયો. તે ભિક્ષુની માતા ઉપાધ્યાય પાસે વારે વારે જઈને પોતાના ભિક્ષુ પુત્રની ખબર પૂછતી અને વિનંતી કરતી: "મારે એને જોવો છે. માટે આપ એને આપની સાથે એક વાર મારે ત્યાં લઈ આવો."

આ ઉપરથી ઉપાધ્યાયે ઘણા વખત બાદ વિચાર્યું કે, એ જુવાન ભિક્ષુને એક વખત તેનાં માબાપને મળવા પાછો બોલાવી લાવવો જોઈએ.

એમ વિચારીને તે તેને સ્થાનકે જવા નીકળ્યા. ગંગાતીરે અચાનક એ બંનેનો અધ્વવચ ભેટો થઈ ગયો. ઉપાધ્યાયે તેને કહ્યું: "શિષ્ય, તું તારાં માતપિતાને ગામ જઈ આવ. હું આ તરફ જ હવે થોડો સમય રહેવાનો છું. ત્યાંથી આવીને તું મને અહીં મળજે."

પેલો ભિક્ષુ ઉપાધ્યાયની આજ્ઞા અનુસાર એ ગામમાં ગયો અને તેણે વિહારમાં એક ઓરડીમાં મુકામ કર્યો. તે જમાનામાં એવો રિવાજ હતો કે બૌદ્ધ વિહારમાં ગૃહસ્થ બૌદ્ધ ઉપાસકો ઓરડીઓ બાંધી આપતા અને એ ઓરડીમાં જે ભિક્ષુ આવીને રહે તેના ખાવા-પીવાની અને વસ્ત્રાદિની વ્યવસ્થા એ ઓરડી જે ગૃહસ્થની હોય તે કરતો. હવે બન્યું એવું કે, આ જુવાન ભિક્ષુ એના પિતાએ બંધાવેલી ઓરડીમાં ઊતર્યો હતો! એટલે સવારે એના પિતા એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે જ્યારે આવ્યા, ત્યારે ભિક્ષુએ એમને તરત જ ઓળખી લીધા, પરંતુ ભિક્ષુવેશ ધારણ કરેલા પોતાના પુત્રને પિતા ઓળખી શકયા નહિ. પિતાએ ભિક્ષુને કહ્યું : "આપ હવે ત્રણ માસ મારે ત્યાંથી જ ભિક્ષા ગ્રહણ કરજો."

ભિક્ષુએ અનાસક્ત ભાવે એ વિનંતીનો સ્વીકાર કર્યો.

આમ એ જુવાન ભિક્ષુ ત્રણ માસ સુધી પોતાનાં માતાપિતાને ત્યાં ભિક્ષા લેવા જતો; પરંતુ એકે વાર તેણે પોતાની ઓળખ તેમને ન આપી.

ત્રણ મહિના બાદ તે પાછો પોતાને સ્થાને જવા નીકળ્યો. રસ્તામાં તે પોતાના ઉપાધ્યાયને મળ્યો અને ત્યાંથી આગળ ગયો. ઉપાધ્યાય પણ પોતાને સ્થાને પાછા ફર્યા.

આ તરફ પેલા જુવાન ભિક્ષુની માતા ઉપાધ્યાયની ખૂબ આતુરતાથી રાહ જોયા કરતી હતી. ત્રણ – ચાર મહિના બાદ ઉપાધ્યાયને આવેલા જોઈને તે સામી ગઈ. પરંતુ તેમને એકલા જોઈને તેના મનમાં ફફડાટ થયો, 'અમેને, મારો પુત્ર મરણ તો નહીં પામ્યો હોય?' તેણે રડતાં રડતાં ઉપાધ્યાયને પોતાના મનની શંકા કહી.

ઉપાધ્યાયે નવાઈ પામી કહ્યું : "અરે ભલી બાઈ, તારો પુત્ર તારે ત્યાં જ ત્રણ મહિના સુધી ભિક્ષાદિ લેવા આવ્યો હતો! શું તેં એને ન ઓળખ્યો?"

આ સાંભળીને માની આંખમાં આનંદનાં આંસુ ઊભરાઈ આવ્યાં. માતા બોલી : "ધન્ય છે! મારો એ પુત્ર ત્રણ મહિના અહીં રહ્યો અને મારા હાથની રસોઈ રોજ જમ્યો; છતાં તેણે એક દિવસ પણ મને એમ ન કહ્યું કે, હું તારો પુત્ર છું અને તું મારી માતા છે! શો તેનો વૈરાગ્ય! એવા ભિક્ષુઓને મનમાં રાખીને જ ભગવાન બુદ્ધે રથવિનીત પ્રતિપદા, નાળક પ્રતિપદા, તુવટ્ટક પ્રતિપદા અને મહાઅરિયવંસ પ્રતિપદા જેવા આચરણ અંગેના ઉપદેશો આપ્યા હશે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કહીને માતાએ પોતાનો પુત્ર જે દિશામાં ગયો હતો એ દિશામાં પ્રેમ અને આદરપૂર્વક સાષ્ટાંગ પ્રણામ કર્યા.

હવે બુદ્ધઘોષની આ કથામાં આવેલા ચાર ઉપદેશોમાંથી રથવિનીત સુત્ત એ જ અશોકના શિલાલેખમાં આવતું છઠ્ઠું ધર્મવચન उपतिसपसिन છે; નાળકમુત્ત એ જ પાંચમું ધર્મવચન मोनेयमुत्त છે; અને महाअरियवंस એ જ अलियवसानि છે. એટલું તો સૌ વિદ્વાનો કબૂલ રાખે છે. તો પછી બુદ્ધઘોષની કથામાં આવતું બાકીનું तुवट्टकसुत्त એ જ અશોકના શિલાલેખમાં બાકી રહેતું विनयसमुकसे કેમ ન હોય? કારણ કે, तुवट्टकसुत्तમાંના ૭મા સુત્ત ઉપરથી જણાય છે કે એ સુત્તમાં ભગવાન બુદ્ધ प्रतिपदा (ધર્મ-માર્ગ), पातिमोक्ख (ભિક્ષુ-ભિક્ષુણીને પાળવાના નિયમો) અને સમાધિનું વર્ણન કરે છે. અને એ જ ખરેખર विनयसमुकसे અર્થાત્ વિનયનો સાર થયો ન કહેવાય?

એ तुवट्टकसुत्तનો અનુવાદ શ્રી. કોસમ્બીજીના 'सुत्तनिपात'ના અનુવાદમાંથી નીચે આપીએ છીએ :—

૧. વિવિક્ત અને શાંત પદ કયું તે હું આદિત્યબંધુ[1] મહર્ષિને પૂછું છું. આ જગતમાં કશાનું પણ ઉપાદાન[2] ન કરીને ભિક્ષુ શું જોવાથી નિર્વાણ પામે છે?

૨. "પ્રપંચનું મૂળ અહંકાર છે," એમ ભગવાન બોલ્યા : "તેનો સમૂળગો નિરોધ કરવો, અને હમેશ સ્મૃતિમાન થઈને અંતઃકરણમાં જેટલી તૃષ્ણાઓ હોય તેમનો નાશ કરતાં શીખવું.

---

૧. સૂર્યવંશી — આદિત્ય ગોત્રમાં જન્મેલા ભગવાન બુદ્ધ.

૨. દૃઢ થયેલી તૃષ્ણા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. "આધ્યાત્મિક કે બાહ્ય પદાર્થોનું જે કંઈ જ્ઞાન મળે તેનાથી અહંકાર ન કરવો; કારણ કે તે સજ્જનોનું નિર્વાણ નથી.

૪. "તે જ્ઞાનથી પોતાને બીજા કરતાં હીન, શ્રેષ્ઠ કે તેમની સમાન ગણવો નહિ. અનેક પદાર્થોની સાથે સંબંધમાં આવતાં તેમાં પોતે (આત્મા) છે, એવી કલ્પના ન કર્યા કરવી.

૫. "ભિક્ષુએ પોતાના જ અંતઃકરણમાં શાંતિ મેળવવી, અને બાહ્ય પદાર્થોથી શાંતિ મેળવવાનો પ્રયાસ ન કરવો. જે પોતાના અંતઃકરણમાં શાંત થાય છે, તેને આત્મબુદ્ધિ[૧] નથી; પછી નિરાત્મબુદ્ધિ[૨] તો ક્યાંથી જ હોય?

૬. "સમુદ્રને તળિયે જેમ મોતીનું ઊછળતું નથી, પાણી સ્થિર હોય છે, તેમ ભિક્ષુએ સ્થિર અને અપ્રકંપ્ય થવું તથા કશાનો પણ ઉત્સદ[૩] કરવો નહિ."

૭. વિવૃત્તચક્ષુએ[૪] — ભગવાન બુદ્ધે — વિઘ્નવિનાશક પ્રત્યક્ષફલદ ધર્મ મને સમજાવ્યો. તમારું કલ્યાણ થાઓ. હવે મને તે ધર્મનો માર્ગ — એટલે પ્રાતિમોક્ષ[૫] કે સમાધિ — કહો.

---

૧. આત્મબુદ્ધિ એટલે આત્મા ઉપર કર્મનું કશું પરિણામ થતું નથી એવો શાશ્વતવાદ.

૨. મરણ પછી આત્માનો નાશ થાય છે એવો ઉચ્છેદવાદ.

૩. ઉત્સદ સાત છે: લોભ, દ્વેષ, મોહ, અહંકાર, કુદૃષ્ટિ, ક્લેશ, દુશ્ચરિત.

૪. જેણે ઇંદ્રિયોને બહાર જતી વાળીને અંતર્મુખ કરી છે તે.

૫. સાધકે પાળવાના નિયમો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. "આંખો વડે ચંચળ ન થવું, ગામની મિથ્યા વાતોથી કાનનું રક્ષણ કરવું, ભોજના સ્વાદમાં લુબ્ધ ન થવું, અને જગતમાં કશાનું પણ મમત્વ ન રાખવું.

૯. "દુઃખદ સ્પર્શનો સંયોગ થાય તો ભિક્ષુએ જરા પણ શોક ન કરવો, ભવની[1] આસ્થા રાખવી નહિ, અને ભયંકર દેખાવો જોઈને ગભરાવું નહિ.

૧૦. "અન્ન, પાન, ખાદ્ય અને વસ્ત્ર, એ પદાર્થો મળે તો તેનો સંગ્રહ ન કરવો, અને તે ન મળે તો હેરાન ન થવું.

૧૧. "ભિક્ષુએ ધ્યાનરત થવું, પગથી ચંચળ ન થવું, દરેક જાતની ચંચળતા છોડી દેવી, બેદરકાર રહેવું નહિ, અને જ્યાં ગડબડ ઓછી થતી હોય એવી સૂવાબેસવાની જગ્યાએ રહેવું.

૧૨. "તેણે નિદ્રા વધારવી નહિ, ઉત્સાહી થઈને જાગૃતિ વધારવી, અને તંદ્રા, માયા, હાસ્ય, ક્રીડા, સ્ત્રીસંગ અને ભૂષણોનો ત્યાગ કરવો.

૧૩. "મારા શ્રાવકે અથર્વણમંત્ર,[2] સ્વપ્નફળ, સ્ત્રીપુરુષ-લક્ષણો અને નક્ષત્રફળના અભ્યાસમાં પડવું નહિ, તથા મૃગ-પક્ષીઓના શબ્દોનાં ફળ, ગર્ભધારણનો મંત્ર અને ચિકિત્સાનો પણ અભ્યાસ ન કરવો.

---

૧. વિવિધ ઉત્તમ લોકો પ્રાપ્ત કરવા માટેની સાધના.

૨. અથર્વ વેદમાં બતાવેલી મારણ, મારણ, વશીકરણ વગેરે વિદ્યાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪. "ભિક્ષુએ પોતાની નિંદા સાંભળીને અસ્વસ્થ ન થવું અને સ્તુતિ સાંભળીને ગર્વિત ન થવું; તેણે લોભ, માત્સર્ય, ક્રોધ અને ચાડીનો ત્યાગ કરવો.

૧૫. "ભિક્ષુએ ક્રયવિક્રય ન કરવો, કોઈ પણ નિંદ્ય કૃત્ય કરવું નહિ, ગામના લોકો સાથે વધારાપડતો સ્નેહ બાંધવો નહિ, અને પોતાના લાભ માટે લોકો સાથે નકામી લવરી ન કરવી.

૧૬. "ભિક્ષુએ વાચાળ ન થવું, દાનસૂચક વાક્ય બોલવું નહિ, પ્રગલ્ભતા ન કરવી, અને વાદવિવાદમાં પડવું નહિ.

૧૭. "તેણે અસત્ય ભાષણ કરવું નહિ, લોકો ઠગાય એવું આચરણ બુદ્ધિપૂર્વક કરવું નહિ, તથા પોતાના સદાચાર, પ્રજ્ઞા, શીલ અને વ્રતથી બીજાની અવહેલના કરવી નહિ.

૧૮. "બીજા શ્રમણો તેને જુદાં જુદાં વચનોથી ક્રોધિત કરવા માગે, છતાં તેણે તેમનું ભાષણ સાંભળીને કઠોર વચનોથી તેમનો પ્રતિકાર કરવો નહિ; કારણ કે સંતજનો પ્રતિકારબુદ્ધિ ધરાવતા નથી.

૧૯. "ભિક્ષુએ આ ધર્મ જાણીને અને સ્મૃતિમાન (જાગૃત) થઈને હમેશાં તે શીખવો; શાંતિ એ જ નિર્વાણ છે એમ જાણીને તેણે ગોતમ (બુદ્ધ)ના પંથમાં બેદરકારીથી વર્તવું નહિ.

૨૦. "તે (બુદ્ધ) અજેય, અને નીતિનો માર્ગ ન છોડનારો, ધર્મ પ્રત્યક્ષ રીતે જાણનાર છે; માટે તેને નમસ્કાર કરીને તેના પંથમાં હમેશાં સાવધાનીથી વર્તતાં શીખવું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय
हरिद्वार।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શ્રીમદ્ રાજચંદ્ર જયંતી માળા'નાં પુસ્તકો

શ્રીમદ્ રાજચંદ્ર રચિત

આત્મસિદ્ધિશાસ્ત્ર

સંપા૦ મુકુલભાઈ કલાર્થી

શ્રીમદ્ રાજચંદ્રનું સંક્ષિપ્ત જીવનચરિત; પંડિત સુખલાલજીની પ્રસ્તાવના; અને ટિપ્પણ સહિત.

કિં. રૂ. ૧-૮-૦ ટપાલખરચાનગી ૦-૬-૦

શાંતિદેવાચાર્યકૃત

બોધિચર્યાવતાર

[અધ્યાપક ધર્માનંદ કોસંબીનો સંક્ષિપ્ત અનુવાદ]

સંપા૦ મુકુલભાઈ કલાર્થી

અધ્યાપક ધર્માનંદજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર અને પંડિત સુખલાલજીની પ્રસ્તાવના સહિત.

કિં. રૂ. ૧-૦-૦ ટપાલખરચાનગી ૦-૪-૦

સંત તુકારામની વાણી

અનુ૦ કિશોરલાલ ઘ૦ મશરૂવાળા

સંપા૦ મુકુલભાઈ કલાર્થી

સંત તુકારામના ૧૨૦ અભંગોનો અનુવાદ; શ્રી કેદારનાથજીની વિસ્તૃત પ્રસ્તાવના; સંત તુકારામનું સંક્ષિપ્ત જીવનચરિત ઇત્યાદિ.

કિં. રૂ. ૧-૮-૦ ટપાલખરચાનગી ૦-૬-૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ-૧૪ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar